V6N3L6

# 13 ભારતનાં રાજપૂત રાજ્યો

ભારતના રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસમાં હર્ષવર્ધનના મૃત્યુ બાદ એક વિશાળ ભારતના જુદા-જુદા પ્રદેશ પર કેટલાંક નાનાં-મોટાં રાજ્યોનો ઉદય થયો. આ રાજ્યોમાં શાસકોએ પોતાનો વિકાસ કરવા માટે આજુબાજુનાં રાજ્યો પર આક્રમણો કરીને પોતાની સ્થિતિ અને પોતાનું રાજ્ય મજબૂત બનાવ્યું. તે રાજ્યની આર્થિક, રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક, સ્થિતિ સુધરતાં ભારતીય સભ્યતા, ભારતીય સમાજ અને સંસ્કૃતિયુક્ત આવાં નાનાં રાજ્યોનો વિકાસ થયો. આ સમયગાળા (ઈ.સ. 700 થી લઈને ઈ.સ. 1200)ને ભારતમાં રાજપૂતયુગ કહેવામાં આવે છે. અત્રે આ કેટલાંક રાજ્યોનો રાજકીય, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક ઈતિહાસનો અભ્યાસ કરીશું.

### કનોજના ગઢવાલો (ગહડવાલ)

હર્ષના અવસાન પછી કનોજનું રાજ્ય છિન્ન-ભિન્ન થઈ ગયું. યશોવર્મા નામના શાસકે (ઈ.સ. 700 - 740) ગાદી પ્રાપ્ત કરી. કશ્મીરના શાસક-લલિતાદિત્ય મુક્તાપીડે કનોજ પર ચડાઈ (ઈ.સ. 740) કરીને યશોવર્માને પરાજિત કર્યો. ત્યાર બાદ કનોજની કોઈ વિશેષ માહિતી મળતી નથી. તે પછી 11મી સદીમાં પ્રતિહાર સામ્રાજ્યનાં પતન પછી ચંદ્રદેવે ગોપાલ નામના રાજાને હરાવી કનોજ જીતી લીધું. આ ચંદ્રદેવ ગોપાલ, ગઢવાલ જાતિનો હતો. આ જાતિનાં મૂળ વિશે માહિતી મળતી નથી. પરંતુ એમ લાગે છે કે આ વંશના શાસકો દક્ષિણ ભારતના હતા અને રાષ્ટ્રકુટો કે રાઠોડોની એક શાખાના હતા. તેમનું શાસન કનોજ આસપાસ હતું. કનોજ તેની રાજધાની હતી. તેનો પ્રથમ શાસક ચંદ્રદેવ (ઈ.સ. 1090 - 1100) હતો. તેના પછી મદનચંદ્ર ગાદીએ આવ્યો. મદનચંદ્રે મહારાજાધિરાજનું બિરુદ અપનાવ્યું. તે પોતે વિદ્વાન હતો. તેણે 'મદનવિનોદ' નામનો એક ગ્રંથ રચ્યો. તેણે કાશીમાં આદિકેશવનું મંદિર પણ બંધાવ્યું હતું. ત્યારબાદ સત્તાસ્થાને આવેલો ગોવિંદચંદ્ર એ મદનચંદ્રનો પુત્ર હતો. તે આ વંશનો સૌથી પ્રતાપી અને પરાક્રમી રાજા હતો.

### જયચંદ્ર (ઈ.સ. 1170 - 1198)

જયચંદ્ર એ ખૂબ જ પ્રખ્યાત રાજા હતો. તેણે ચંદેલાઓ અને ચૌહાણ રાજ્યોની સાથે સંઘર્ષ કર્યા હતા. સાંભરનાં રાજા પૃથ્વીરાજ ચૌહાણ સાથે તેને અણબનાવ હતો. મોહંમદ ઘોરીએ (ઈ.સ. 1193) જયચંદ્રના રાજ્ય કનોજ પર આક્રમણ કર્યું હતું અને વિરતાપૂર્વક લડતાં-લડતાં યુદ્ધભૂમિમાં માર્યો ગયો. ત્યારબાદ રાઠોડ રાજવીઓએ કનોજ છોડીને રાજપૂતાના તરફ પોતાની સત્તા જમાવી.

### કાશ્મીરનું રાજ્ય

કાશ્મીરના હિન્દુ રાજ્યનો ઈતિહાસ આપણને કવિ કલ્હણના ગ્રંથ 'રાજતરંગિણી'માંથી પ્રાપ્ત થાય છે. કલ્હણ બ્રાહ્મણ જાતિના અને રાજકવિ હતા. તેમનો પિતા ચંપક કાશ્મીરશાસક હર્ષ (લોહાર વંશ)ના મંત્રી હતા. આ ગ્રંથની રચના તેમણે જયસિંહ (ઈ.સ. 1127 - 1154)ના શાસનકાળમાં પૂરી કરી હતી. પ્રથમ ત્રણ ભાગોમાં કાશ્મીરનો પ્રાચીન ઈતિહાસ છે. સાતમા તથા આઠમા ભાગમાં લોહારવંશનો ઈતિહાસ છે. આ ગ્રંથમાં ઘટનાઓ તથા તિથિક્રમનું વર્ણન છે. આ ગ્રંથ સંસ્કૃત ભાષામાં લખાયેલ છે. મોટાભાગના વિવેચકોએ 'રાજતરંગિણી' ને હિંદનાં પ્રથમ આધારભૂત ઐતિહાસિક ગ્રંથનો દરજ્જો આપ્યો છે.

7મી સદીમાં દુર્લભવર્ધને કાશ્મીરમાં કર્કોટક વંશની સ્થાપના કરી. તેના પછી તેનો પુત્ર દુર્લભક શાસક થયો. જેણે 'પ્રતાપાદિત્ય' ની પદવી ધારણ કરીને પ્રતાપપુર નગરની સ્થાપના કરી. તેના ત્રણ પુત્રો ચંદ્રાપીડ (વ્રજાદિત્ય), તારપીડ (ઉદયાદિત્ય) તથા મુક્તાપીડ (લલિતાદિત્ય) હતા. મુક્તાપીડે કનોજના શાસક યશોવર્મન સાથે સંધિ કરી. તિબેટના રાજાઓને પરાજિત કર્યા. તેણે ચીનમાં રાજદૂત મોકલ્યો હતો. તેણે કાશ્મીરમાં પ્રસિદ્ધ માર્તંડ (સૂર્ય) મંદિરનું નિર્માણ કરાવ્યું. આ વંશમાં અંતિમ શક્તિશાળી શાસક જયાપીડ થઈ ગયો, જેણે 8 મી સદીમાં કનોજના શાસક વ્રજીયુદ્ધને હરાવ્યો હતો.

### ઉત્પલ વંશ

અવન્તિવર્મન નામના શાસકે આ વંશની અને અવંતિપુર નામના નગરની સ્થાપના કરી. ત્યારબાદ શંકરવર્મન તથા ગોપાલવર્મન નામના શાસક થયા. ત્યારબાદ, ક્ષેમગુપ્ત ગાદીએ આવ્યો. તે વિલાસી અને લંપટ હતો. તેથી તેની પરાક્રમી રાણી દિદ્દા (લોહારના રાજા સિંહરાજની પુત્રી)એ કાશ્મીરનું સુકાન સફળતાપૂર્વક સંભાળી લઈ લોકપ્રિયતા પ્રાપ્ત કરીને રાજ્ય કર્યું.

### લોહાર વંશ

રાજરાણી દિદ્દાના અવસાન બાદ આ રાજ્ય ‘લોહાર’વંશને હસ્તક આવ્યું. આ વંશમાં રાજા જયસિંહ થઈ ગયો, જેના દરબારમાં રાજકવિ કલ્હણ સન્માનભર્યું સ્થાન ધરાવતો હતો. લોહારવંશનો છેલ્લો શાસક જામસિંહ હતો. ત્યારબાદ શાહમીર નામના મુસ્લિમ યોદ્ધાએ પોતાના શાસનની શરૂઆત કરી. શાહમીરના વંશજોએ કાશ્મિરમાં શાસન કર્યું. અકબરે કાશ્મીર જીતી લઈ મુઘલ સામ્રાજ્યનો ભાગ બનાવ્યું.


### મેવાડ અને મારવાડ (રાજસ્થાન)

#### મેવાડના ગોહિલો

મેવાડના ગોહિલપુત્રો કે ગુહિલોત, જે પાછળથી સિસોદિયા રાજપૂતના નામે ઓળખાયા. તે મધ્યકાલીન ઈતિહાસમાં અનોખું સ્થાન ધરાવે છે. બપ્પા (બાપ્પા) રાવળ આ વંશનો સ્થાપક હતો. આ બપ્પા એ નામ નહીં પરંતુ ગુહિલોત રાજાઓમાંના એકની ઉપાધિ હતી. ગ્રંથોમાં તેનો સમય ઈ.સ. 8મી સદીના પૂર્વાર્ધમાં મૂકવામાં આવે છે. એ દૃષ્ટિએ વિચારતા એ આ વંશનો સ્થાપક હોવાનું શક્ય જણાતું નથી. આ વંશનો સ્થાપક કાલભોજ હતો, એમ કેટલાક ઈતિહાસકારો માને છે. બપ્પા અગાઉ ગોહિલોએ મેવાડમાં ઓછામાં ઓછા બે સૈકા રાજ્ય કર્યું હતું. તેમનું સૌથી જૂનું પાટનગર નાગહ્રદ (નાગદા) હતું. તે પછી આઘાટ (અહર - ઈ.સ. 10મી સદી) તેની રાજધાની બની. આરબોએ પશ્ચિમ ભારતને ખેદાન મેદાન કરી નાખ્યું (ઈ.સ. 725), ત્યારે તેમનો સામનો કરનાર ભારતીય રાજવીઓમાં બપ્પા મુખ્ય હતો. આરબોએ કબજે કરેલાં શહેરો અને દુર્ગો પાછા જીતી લેવા તેણે જે શૂરવીરતા બતાવી, તેથી લોકોએ તેને ગોહિલવંશનો સ્થાપક માન્યો હશે.

ગોહિલ રાજા ભર્તૃપટ્ટ બીજાએ પ્રતિહારોની ધૂંસરી ફેંકી (ઈ.સ.ની 10મી સદી) દીધી. તેણે મહારાજાધિરાજનું બિરુદ અપનાવ્યું હતું. તેના પુત્ર અલ્લટે રાજ્ય કર્યું હતું. અલ્લટ હરિપદેવા નામની હુણ રાજકુંવરીને પરણ્યો હતો. અલ્લટ પછી તેનાં પુત્ર નરવાહને રાજ્ય કર્યુ. નરવાહન પછી શાલિવાહન અને ત્યારબાદ શક્તિકુમારે ગાદીએ આવ્યો હતો. તેણે ઈ.સ. 10મી સદીના અંત સુધી રાજ્ય કર્યું. તેના શાસન દરમિયાન પરમાર રાજા મુંજે આઘાટ પાટનગરનો નાશ કર્યો.

તે પછી તેઓ થોડો સમય ચૌલુક્ય કુમારપાળને શરણે રહ્યા, જેનો ચિત્રકુટ (ચિત્તોડ) ઉપર અધિકાર હતો. ગોહિલ સરદાર સામંતસિંહે પોતાનું રાજ્ય ફરીથી મેળવ્યું. તે પછી થોડા જ સમયમાં નડુલ (નડોલ) કીર્તિપાલે જીતી લીધું. સામંતસિંહ વાગડ (વાંસવાડા અને ડુંગરપુર)માં જઈને રહેવા લાગ્યો અને તેના નાના ભાઈ કુમારસિંહે ચૌલુક્ય રાજાની સહાયથી કીર્તિપાલને મેવાડના રાજ્યમાંથી હાંકી કાઢ્યો. તે પછી થયેલા જૈતસિંહના રાજ્ય દરમિયાન મેવાડના ગોહિલોએ ફરી રાજકીય ઊંચું સ્થાન પ્રાપ્ત કર્યું.



**કીર્તિ સ્તંભ - ચિત્તોડ**



**રાણા સાંગા**



**મહારાણા પ્રતાપસિંહ**

મુસલમાનોની ચડાઈઓને લઈને એ રાજયની શક્તિ ક્ષીણ થતાં અલ્લાઉદ્દિન ખલજીએ તે જીતી લીધું. છતાં પણ તેનો થોડોક ભાગ સિસોદિયા કુળના ગોહિલોના હાથમાં રહી ગયો. 14મી સદીમાં રાણા હમીરે ફરી વખત લગભગ સમગ્ર મેવાડ (ચિત્તોડ સહિત) પાછું મેળવ્યું, તેના પછી રાણા મોકલસિંહ અને ત્યારબાદ તેનો પુત્ર રાણા કુંભા ગાદી એ આવ્યો .

રાણા કુંભો ઘણો શક્તિશાળી રાજવી હતો. તે પોતે સાહિત્ય અને કલાનો ઉપાસક હતો. મેવાડના 84 કિલ્લાઓમાંથી 32 કિલ્લાઓ તેણે જ બંધાવ્યા હતા. તે જ રીતે તેણે બંધાવેલાં ચિત્તોડનો ‘વિજયસ્તંભ’ (કીર્તિસ્તંભ) આજે પણ તેના પરાક્રમની સાક્ષી પૂરે છે. તેનો પૌત્ર રાણા સંગ્રામસિંહ (રાણા સાંગા) શૌર્યનો મૂર્તિમંત અવતાર હતો. તેણે ઘણી લડાઈઓમાં ભાગ લીધો હોવાથી એક પગ અને એક આંખ પણ ગુમાવી તથા તેના શરીર ઉપર જુદાં-જુદાં શસ્ત્રોથી થયેલા 80 જેટલા ઘા હતા. તેણે માળવા, ગુજરાત અને દિલ્હીના સુલતાનો સાથે યુદ્ધો કર્યાં. આવી દરેક લડાઈમાં તે વિજયી નીવડ્યો. તે

પોતાનાં પરાક્રમોને કારણે તે સમયના સમસ્ત રાજસ્થાનના રાજપૂતોનો નેતા ગણાતો. બાબરે પાણીપતની પ્રથમ લડાઈમાં ઇબ્રાહીમ લોદીને હરાવી ભારતમાં મુઘલવંશની સ્થાપના કરી, ત્યારે રાણા સાંગાએ જ તેને ભારતના મધ્યયુગીન ઇતિહાસમાં પહેલી અને છેલ્લી વાર રાજપૂત રાજાઓને સંઘ બનાવીને પડકાર આપ્યો. જોકે બાબર સામેની ખાનવા (કાન્હવા)ની આ લડાઈમાં રાણા સાંગા હાર્યો. તેનું તેજ તેના પૌત્ર રાણા પ્રતાપમાં બરાબર ઊતર્યું હતું. તેણે અકબરને પડકાર આપેલો. મુઘલ સૈન્ય સાથે કેટલીક લડાઈઓ કરી પોતાના રાજ્યને બચાવ્યું હતું.

### મારવાડ (જોધપુર)


મારવાડ એ રાજપૂતાનાનું બીજું અગત્યનું રાજ્ય હતું. ત્યાં પ્રાચીન રાષ્ટ્રકૂટોમાંથી ઊતરી આવેલા રાઠોડ રાજપૂતોનું શાસન હતું. મારવાડનો આધુનિક ઇતિહાસ રાઠોડ રાજા ચંદ્રથી શરૂ થાય છે. તેના પુત્ર જોધાએ જોધપુર વસાવી ત્યાં કિલ્લો બંધાવ્યો. તેના પુત્ર બીકાજીએ બિકાનેર વસાવ્યું. 16 મી સદીમાં રાઠોડ રાજા માલદેવ ઘણો શક્તિશાળી રાજવી થઈ ગયો. તે મુઘલ બાદશાહ હુમાયુ તથા શેરશાહ સુરીનો સમકાલીન હતો. તેને શેરશાહ સાથે સંઘર્ષ થયો હતો. તેના સમયમાં રાઠોડોની સત્તા સર્વોચ્ચ કક્ષાએ પહોંચી હતી.

### શાકંભરીના ચૌહાણો

દંતકથા પ્રમાણે ચાહમાનો (ચૌહાણો) આબુ પર્વત પર ઋષિમુનિઓએ કરેલ યજ્ઞમાંથી ઉત્પન્ન થયેલા રાજપૂતો હતા. તેઓ શરૂઆતમાં ગુર્જર પ્રતિહારોના સામંતો હતા. તેઓ રાજપૂતના અને ગુજરાતના પ્રદેશ પર શાસન કરતા, પરંતુ ઈસુની 10મી સદીમાં ગુર્જર પ્રતિહાર સત્તા નબળી પડતાં તેઓ સ્વતંત્ર થયા. તેમના શાસનની કેટલીક શાખાઓમાં પ્રતાપગઢ, નડુલ અને સાંભર મુખ્ય ગણાય. સાંભર શાખાનું પાટનગર શાકંભરી હતું. આ શાકંભરીના ચૌહાણોએ 11મી સદીમાં સુલતાન મહમુદ ગઝનવીનાં આક્રમણોનો સફળતાપૂર્વક સામનો કર્યો. 12મી સદીમાં રાજા અજયરાજે 'અજયમેરુ' (અજમેર) શહેર વસાવ્યું. તેણે તથા તેના પુત્ર અર્ણોરાજે ચૌહાણ સત્તાનો સારો એવો વિકાસ કર્યો. ગુજરાતના મહાન સોલંકી રાજવી સિદ્ધરાજ જયસિંહે પોતાની પુત્રી કાંચનદેવીનાં લગ્ન અર્ણોરાજ સાથે કર્યાં. અર્ણોરાજના પુત્ર સોમેશ્વરનો પુત્ર પૃથ્વીરાજ, ચૌહાણ રાજ્યવંશમાં ઘણો પરાક્રમી હતો. તેના દરબારમાં રાજકવિ ચંદબરદાઈ સન્માનપૂર્ણ સ્થાન ધરાવતો. આ પૃથ્વીરાજ ચૌહાણ સાથે તરાઈના મેદાનમાં ઈ.સ. 1191 માં મહમ્મદ ઘોરીએ તેને પરાજ્ય આપ્યો. પરંતુ ફરી 13મી સદીમાં ચૌહાણોએ પોતાની રાજધાની રણથંભોરના ડુંગરાળ વિસ્તારોમાં ફેરવી. અલ્લાઉદ્દીન ખલજીએ છેલ્લા રાજવી હમીરદેવને હરાવી શાકંભરીમાંથી ચૌહાણ સત્તાનો અંત આણ્યો (ઈ.સ. 1303).

### અંબર કે આમેર (વર્તમાન જયપુર)

અંબરમાં સૂર્યવંશી કચ્છવા (કુશવાહા) રાજપૂતોનું શાસન હતું. આ રાજ્યની સ્થાપના લગભગ 10મી સદીમાં થઈ. શરૂઆતમાં તે મેવાડના આધિપત્ય નીચે હતું. પરંતુ 14મી સદીમાં તેણે સારુ રાજકીય મહત્ત્વ પ્રાપ્ત કર્યું. તેના રાજા ભારમલે (બિહારીમલે) પોતાની કન્યા (હરખાબાઈ) અકબર સાથે પરણાવી. જયપુર, જોધપુરનાં રાજ્યો (છેક ઈ.સ. 1947 સુધી) સ્વાયત્ત રહ્યાં. જોધપુરનો રાજમહેલ, જયપુરનો હવામહેલ અને આમેરનો કિલ્લો, એ ભારતીય કલા અને સ્થાપત્યની દૃષ્ટિએ ઘણું મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. બાબરના આક્રમણ સમયે રાજસ્થાનમાં મેવાડ, મારવાડ અને આમેર ત્રણેય રાજ્યો મહત્ત્વપૂર્ણ અને સ્વતંત્ર રાજ્યો હતાં. 'મારવાડ' (જોધપુર) પર રાઠોડ રાજપૂતોનું શાસન હતું. મારવાડના પ્રભાવશાળી શાસકોએ યુદ્ધના બળ પર પોતાની શક્તિ વધારી મારવાડના શાસકોએ જ બીકાનેર રાજ્યની પણ સ્થાપના કરી.



જયપુરનો હવામહેલ

### ગુજરાતનું રાજ્ય

પ્રાચીન સમયથી ગુજરાત ખૂબ જ સમૃદ્ધ રાજ્ય છે. તેથી ગુજરાતના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ પર તેનો મોટો પ્રભાવ પડ્યો છે. 7મી કે 8મી સદીમાં અહીં પણ ગુર્જર પ્રતિહારોનું સામ્રાજ્ય ચાલતું હતું. આ ગુર્જર સત્તા નબળી




કીર્તિતોરણ-વડનગર



રાણીની વાવ - પાટણ

પડતાં સારસ્વતમંડળની આસપાસના ચાવડા વંશના લોકોએ આ પ્રદેશ પર પોતાની સત્તા જમાવી. ચાવડાવંશના રાજ્ય સમયે ગુજરાતમાં જૈનધર્મનો ફેલાવો થયો. છેલ્લા ચાવડા રાજા સામંતસિંહને મારીને ચૌલુક્ય (સોલંકી) ગુજરાતમાં સત્તા પર આવ્યા. સોલંકીઓના શાસકોએ ગુજરાતને અનોખી સિદ્ધિઓ અપાવી, મૂળરાજ, ભીમદેવ, કર્ણદેવ અને જયસિંહ સોલંકી (સિદ્ધરાજ) ના સમયમાં ગુજરાત આર્થિક અને સાંસ્કૃતિક દ્રષ્ટિએ તે સમયમાં સમૃદ્ધિની છોળો ઉડાડતું હતું. ગુજરાતના શાસકોએ માળવા, ચિત્તોડ, ભિન્નમાલ, લાટ પ્રદેશ, આબુ વગેરે પ્રદેશ પર પોતાની સત્તા ફેલાવી. ગુજરાતનું સ્થાપત્ય જેમાં, પાટણની રાણીની વાવ, સિદ્ધપુરનો રુદ્રમાળ, પાલીતાણાનાં જૈન દેરાસરો, વડનગરનું કીર્તિતોરણ, મોઢેરાનું સૂર્યમંદિર વગેરે જેવાં પ્રખ્યાત સ્થાપત્યપૂર્ણ બાંધકામો થયાં.

સિદ્ધરાજ સોલંકી પછી કુમારપાળ, ભીમદેવ બીજો, મૂળરાજ સોલંકી બીજો વગેરે શાસકો થયા. સોલંકી સત્તા નબળી પડતાં વાઘેલાવંશના શાસકોએ ગુજરાતની સત્તા સંભાળી. ગુજરાતની ધન-સંપત્તિનાં ગુણગાન સાંભળીને દિલ્હીના સુલતાને કર્ણદેવ વાઘેલાના સમયે (ઈ.સ. 1303) ગુજરાત પર આક્રમણ કરીને મુસ્લિમ સત્તા સ્થાપિત કરી. ત્યારબાદ ગુજરાતમાં દિલ્હી સલ્તનતની સત્તા ચાલી. ત્યારબાદ ઝફરખાન નામના સુબાએ મુજફ્ફરશાહ નામ ધારણ કરીને સ્વતંત્ર ગુજરાતી સલ્તનતની સ્થાપના કરી, જેણે ગુજરાતના સાંસ્કૃતિક વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપ્યું. અંતે (ઈ.સ. 1573) અકબરે ગુજરાત જીતી લીધું.



રાણીની વાવનું વરાહશિલ્પ - પાટણ

## માળવાનું રાજ્ય

માળવા રાજ્ય સુખી અને સમૃદ્ધ હતું. તે મધ્યપ્રદેશની શાન સમાન હતું. 7મી સદી સુધી આ પ્રદેશ પર રાષ્ટ્રકૂટોનું શાસન ચાલતું હતું. આ રાષ્ટ્રકૂટો નબળા પડતાં તેમનું સ્થાન પરમારોએ લીધુ. પરમાર રાજા સિયક રાષ્ટ્રકૂટોનો સૂબો હતો. તેણે (10 મી સદી) માળવામાં સ્વતંત્ર રાજ્ય સ્થાપીને ધારાનગરીને તેનું પાટનગર બનાવ્યું. આ સિયકનો પુત્ર મુંજ (વાક્પતી રાજ) જે ઘણો જ શક્તિશાળી હતો. યુદ્ધોમાં તેનાં પરાક્રમોને લીધે તે 'પૃથ્વીવલ્લભ' કહેવાતો હતો. તેણે ગોહિલો, હુણો, ચૌહાણો, સોલંકીઓ અને ચાલુક્ય રાજવીઓ સાથે લડાઈઓ કરી. તેણે ધારાનગરીમાં 'મુંજસાગર' નામનું જળાશય બંધાવ્યું. મુંજ પછી તેનો ભાઈ સિંધરાજ અને ત્યારબાદ ભોજ માળવાની ગાદીએ આવ્યો. તેણે પણ તેના દાદાની જેમ કેટલાંક પરાક્રમો કર્યાં. તે સાહિત્ય, કલા અને વિદ્યાનો ઉપાસક હતો. તેના દરબારમાં ધનપાલ અને ઉવટ જેવા ખ્યાતનામ કવિઓ તથા સીતા નામની એક વિદ્વાન કવયિત્રીને પણ સ્થાન મળ્યું હતું. તેણે પોતે પણ સ્થાપત્ય, આયુર્વેદ, જ્યોતિષ, યોગ, પ્રાણીશાસ્ત્ર વગેરે જુદા-જુદા વિષયો પર લગભગ 20 જેટલા ગ્રંથો રચ્યા હતા. ધારાનગરીમાં સંસ્કૃતના અભ્યાસ માટે વિદ્યાપીઠની સ્થાપના કરી. ભોજ પછી જયસિંહ, લક્ષ્મણદેવ, નરવર્મન, યશોવર્મન જેવા શાસકો થયા. અંતે અલાઉદ્દીન ખલજીએ માળવા જીતી લીધું.

## ઓરિસ્સા (કલિંગ)નાં ગંગેય રાજ્યો

ઓરિસ્સા ભારતના પૂર્વ કાંઠે આવેલું રાજ્ય છે. તેનું પાટનગર ભુવનેશ્વર છે, ઓરિસ્સા 480 કિમી લાંબો સમુદ્ર કિનારો ધરાવે છે. ઓરિસ્સા રાજ્ય તેમાં આવેલાં મંદિરો માટે જાણીતું છે. ખાસ કરીને પુરી અને કોર્ણાકમાં આવેલાં મંદિરો વિશ્વવિખ્યાત છે. પ્રાચીનકાળમાં આ રાજ્ય કલિંગ રાજ્ય તરીકે ઓળખાતું હતું. ઈ.સ. પૂર્વે મૌર્ય કુળના રાજા અશોકે આ રાજ્ય પર ચડાઈ કરી હતી, જે કલિંગના ઐતિહાસિક યુદ્ધ તરીકે પ્રચલિત છે. ઈસુની 5મી સદીમાં મધ્ય કલિંગ તથા દક્ષિણ

કલિંગમાં જુદા-જુદા વંશનું શાસન હતું. ઉત્તર કલિંગના ગંગ લોકો એ મધ્ય કલિંગ કબજે કર્યુ. આ ગંગ લોકો પ્રાચીન સમયથી જાણીતા મૈસુરના ગંગ વંશના શાસકો હતા. ગંગ શાસકોનાં નામ પાછળ વર્મન શબ્દ લાગે છે. તેમણે ''ત્રિકલિંગાધિપતિ''નું બિરુદ ધારણ કર્યું. આ ગંગ લોકોએ કલિંગ (ઓરિસ્સા) પર લગભગ 400 વર્ષ શાસન કર્યુ. તેમનો છેલ્લો જાણીતો રાજા દેવવર્મન 4થો હતો. 11મી સદીમાં આ પ્રદેશ પર બીજા ગંગ કુટુંબનું શાસન સ્થપાયેલ જોવા મળે છે. તેનો સ્થાપક અનંતવર્મન હતો, તેને ઓરિસ્સાપતિ અથવા ''ઉત્કલાધિપતિ'' નો ઈલ્કાબ ધારણ કર્યો હતો. બંગાળ-બિહારના પાલ રાજ્યોને તેણે હરાવ્યાં. તેનો વિસ્તાર ગંગાથી ગોદાવરી સુધી વિસ્તરેલો હતો. તેમણે પુરી જગન્નાથજીનું પ્રખ્યાત મંદિર બંધાવી અહીં (ઈ.સ. 1150 સુધી) શાસન કર્યુ. બખત્યારૂદ્દિન ખલજીએ કલિંગ જીતવા લશ્કર મોકલ્યું (ઈ.સ. 1205) પરંતુ તેની હાર થઈ. ત્યારબાદ નરસિંહ 1 પહેલાના સમયમાં મુસ્લિમ શાસકોએ આક્રમણ કર્યાં, જેમાં તેમને સફળતા મળી નહીં. આ નરસિંહ 1લો (રાજાભીમદેવ) પુરી નજીક કોર્ણાકનું પ્રખ્યાત સૂર્યમંદિર બંધાવ્યું. 14મી સદીમાં ગંગ રાજવીઓને દિલ્હી, વિજયનગરના શાસકો અને બંગાળની સત્તાનો સામનો કરવો પડ્યો. આગળજતાં ગંગ વંશની સત્તાનો ઓરિસ્સામાંથી અંત આવ્યો.



કોર્ણાકનું સૂર્યમંદિર

## સૂર્યવંશી ગજપતિઓ

પૂર્વીય ગંગ શાસકોના સમયમાં કપિલેન્દ્ર ગજપતિએ રાજ્યવંશની સ્થાપના કરી. તેમણે ઓરિસ્સા પર એક સદી કરતાં પણ વધારે શાસન કર્યું. અહીં પુરુષોત્તમ નામના શાસકે લાંબુ શાસન કર્યુ. ઓરિસ્સાનો પ્રખ્યાત શાસક પ્રતાપ રુદ્રદેવ ઓરિસ્સાના ગજપતિઓનો છેલ્લો શાસક હતો. તે વિજયનગર રાજ્યના કૃષ્ણદેવરાયનો સમકાલિન હતો. તેના સમયમાં વૈષ્ણવ ધર્મનો વિકાસ થયો હતો. આમ, ઓરિસ્સામાં ગંગો પછી ગજપતિઓએ શાસન કર્યુ.

## ચોલ સામ્રાજ્ય

ચોલોનો પ્રાચીનતમ ઉલ્લેખ અશોકના શિલાલેખમાંથી મળે છે. 9મી સદીના મધ્યમાં વિજયપાલના નેતૃત્ત્વમાં ચોલોનું પુનરુત્થાન થયું. સંભવિત રીતે તેઓ પોતાના શરૂઆતના સમયમાં પલ્લવોના સામંત હતા. વિજયપાલે પાંડ્યોની નિર્બળ શક્તિનો લાભ ઉઠાવીને તાંજોર પર અધિકાર કરી લીધો. ત્યાં તેમણે દુર્ગાદેવીના મંદિરનું નિર્માણ કરાવ્યું. એના આદિત્ય તથા પરાન્તક ઉત્તરાધિકારીઓએ પલ્લવો તથા પાંડ્યોની નબળી પડતી જતી શક્તિનો લાભ ઉઠાવી દક્ષિણ ભારતના મોટા ભાગ પર અધિકાર કરી લીધો. આદિત્ય 1લો કાવેરી નદીના બન્ને કિનારે શિવ મંદિરો બનાવ્યાં. તેણે પોતાના પુત્ર પરાન્તકનાં લગ્ન ચેર રાજકુમારી સાથે કર્યાં.

ચોલ સામ્રાજ્યનો વાસ્તવિક સંસ્થાપક પરાન્તક રાજાનો પુત્ર અરિમોલિવર્મન હતો. તેણે રાજારાજ 1લો (ઈ.સ. 985 - 1014) ની ઉપાધિ ધારણ કરી હતી. એણે ચેર, પાંડ્યો, વેંગીના પૂર્વી ચાલુક્ય, કલિંગ, લક્ષદ્વિપ અને માલદિવ પર વિજય મેળવી નૌકાસેનાનું ગઠન કર્યુ. તે શિવનો અનન્ય ભક્ત હતો. તેણે તંજાવૂરમાં બૃહદેશ્વર મંદિરનું નિર્માણ કરાવ્યુ, જેને રાજરાજેશ્વર મંદિર પણ કહેવામાં આવે છે. તેણે જાવાના રાજાને પણ બૌદ્ધ વિહારના નિર્માણમાં સહાયતા કરી. રાજારાજ 1લાનો પુત્ર રાજેન્દ્ર-1લો તે પછી અહીં શાસક બન્યો. તેણે સંપૂર્ણ શ્રીલંકા ઉપર વિજય પ્રાપ્ત કરીને ચેર (કેરલ) અને પાંડ્યોના વિદ્રોહનું દમન કર્યું. તેણે નૌકાસેનાની મદદથી મલાયા તથા સુમાત્રા પર પણ વિજય મેળવ્યો.

રાજાધિરાજે વેંગીના ચાલુક્ય શાસકને પરાજીત કર્યા. કોમ્પમના યુદ્ધમાં રાજાધિરાજ માર્યા ગયા, પરંતુ તેના ભાઈ રાજેન્દ્ર બીજાએ સોમેશ્વરની સેનાને હરાવી, યુદ્ધ ક્ષેત્રમાં પોતાનો રાજ્યાભિષેક કર્યો.

ચોલવંશનો અંતિમ અને મહત્ત્વપૂર્ણ શાસક કુલોત્તુગ 1લો હતો. તેણે ચોલ તથા પૂર્વી ચાલુક્યને એક કર્યા. તેના સમયે શ્રીલંકા ચોલોના અધિકારક્ષેત્રમાંથી બહાર થઈ ગયું. તેને પાંડ્યો તથા ચેરોના વિરોધનો પણ સામનો કરવો પડયો. હોયસળોના આક્રમણને પરિણામે ગંગાવાડી પ્રાંત એના હાથમાંથી નીકળી ગયો. તેણે પોતાના શાસનના સોળમા તથા અડતાલીશમા વર્ષે ભૂમિસર્વેક્ષણ કરાવ્યું. આ કુલોત્તુંગ શિવભક્ત હોવાછતાં તેણે નેત્રપટ્ટમમાં બૌદ્ધ મંદિરોને પણ એક સમાન મહત્ત્વ આપ્યું. રાજારાજ બીજો, રાજાધિરાજ બીજો, કુલોત્તુંગ બીજો, રાજેન્દ્ર ત્રીજો અને રાજારાજ ત્રીજો વગેરે શાસકો અહીં થઈ ગયા.

## ચોલ શાસકોની સાંસ્કૃતિક સિદ્ધિઓ

### કેન્દ્રિય વહીવટીતંત્ર

ચોલ વહીવટીતંત્રના કેંદ્રમાં રાજા મુખ્ય તથા સામાન્ય અને સર્વોપરી સત્તા ધરાવતો હતો. તે રાજયનો વહીવટ ચલાવવા માટે મંત્રીઓ અને વિભાગીય વડાઓની સલાહ અવશ્ય લેતો. રાજાને વહીવટી સહાય માટે અધિકારીઓની નિયુક્તિઓ કરવામાં આવતી. રાજાનો ઉત્તરાધિકારી 'યુવરાજ' કહેવાતો. તે રાજાને શાસનમાં સહાયરૂપ બનતો. ચોલ શાસનમાં વારસા -વિગ્રહ જોવા મળતો ન હતો.

ચોલ રાજાઓએ રાજયના રક્ષણ માટે ગજદળ, પાયદળ, હયદળ એમ મુખ્ય ત્રણ લશ્કરી વિભાગો રાખ્યા હતા. આ ઉપરાંત મજબૂત નૌકાસૈન્ય પણ હતું. સૈનિકોની છાવણીને 'કણમ' નામે ઓળખવામાં આવતી.

### પ્રાંતીય વહીવટી તંત્ર

ચોલ રાજ્યે તેના સારા વહીવટી સંચાલન માટે રાજયના મંડલમ્ (પ્રાંત) નામના ભાગ બનાવ્યા હતા. મંડલમ્‌ના ઉપ વિભાગો પણ હતા. તેના એકમ વલનાડુ, નાડુ અને ગ્રામ તરીકે ઓળખાતા. મંડલમ્‌ના વડા તરીકે અધિકારીની નિયુક્તિ થતી. મંડલમ્‌નો વડો રાજાને જવાબદાર રહી પોતાનાં કાર્ય કરતો. તેનાં કાર્યોમાં અન્ય અધિકારીઓ પણ સહાયરૂપ થતા. ચોલ વહીવટની વિશેષતા તેની સ્વાયત સંસ્થાઓ હતી. રાજયનાં પ્રત્યેક મંડલમ્‌માં લોકોની બનેલી પ્રથમ સભા હતી. પ્રત્યેક નાડુમાં 'નાટર' નામે સભા હતી, જે સ્થાનિક લોકોની બનેલી હતી.

### આર્થિક જીવન

ચોલ સામ્રાજ્યમાં આર્થિક જીવનનો આધાર ખેતી હતો. મોટાભાગની વસ્તી તેના પર નિર્ભર રહેતી હતી. ખેતીના વિકાસ માટે સિંચાઈવ્યવસ્થા હતી. રાજયની આવકનું મુખ્ય સાધન ભૂમિકર એટલે કે જમીન-મહેસૂલ હતું. આ કર જમીનની ઉપજના છઠ્ઠા ભાગ જેટલો લેવાતો. આ ઉપરાંત મીઠાકર, સિંચાઈવેરો, બંદરો, નાકા પરના વેરાઓ (ટોલ-ટેક્સ), ખનીજ વેરો વગેરે આવકનાં મુખ્ય સાધન હતાં. આ ઉપરાંત અન્ય રાજાઓ પાસેથી ખંડણી ઉઘરાવવામાં આવતી.

ચોલ સામ્રાજ્યના આર્થિક વિકાસનો આધાર આંતરિક અને બાહ્ય વ્યાપાર હતો. કાપડઉદ્યોગ, સોનીકામ, માટીઉદ્યોગ વગેરે રાજયની આંતરિક આર્થિક-વ્યવસ્થાના આધારો હતા. જ્યારે, બંદર મારફતે બાહ્ય વ્યાપાર થતો. ચોલ સામ્રાજયનો મુખ્યત્વે અગ્નિએશિયા, રોમ તેમજ યુરોપના દેશો સાથે બાહ્ય વ્યાપાર થતો. આ વ્યાપારમાં મદુરાઈ, કોચી, થિરૂવનંતપૂરમ (ત્રિવેન્દ્રમ્), તાંજાવુર (તાંજોર) વગેરે બંદરો વ્યાપારી મથકો તરીકે જાણીતાં હતાં. આ બંદરોમાંથી અત્તરો, તેજાના, સુતરાઉ કાપડ, કાચ, દારૂ, હાથીદાંત, ઝવેરાત, હીરા, મોતી, સોનું, ચાંદી તેમજ અન્ય ધાતુઓ વગેરેની આયાત-નિકાસ થતી. આમ, આર્થિકપ્રવૃતિ એ ચોલ સામ્રાજ્યના વિકાસમાં અન્ય વિદેશી રાષ્ટ્રો સાથે ભારતીય સંસ્કૃતિના પ્રચાર-પ્રસારમાં ઉમદા પ્રદાન કર્યું હતું એમ કહી શકાય.

### સાંસ્કૃતિક જીવન


ચોલ સામ્રાજ્યમાં તમિલ ભાષાનો સુવર્ણયુગ હતો. તમિલ સાહિત્યમાં શૈવ અને વૈષ્ણવ સંપ્રદાયનાં ભક્તિકાવ્યોનો સવિશેષ સંગ્રહ થયો. અહીં સંસ્કૃત સાહિત્યનો પણ ભારે વિકાસ થયો હોવાથી સંસ્કૃત વિશ્વવિદ્યાલય (યુનિવર્સિટી)ની સ્થાપના થઈ. તમિલ સાહિત્યને ઉત્તેજન મળતાં ચોલ સમયમાં સંસ્કૃત મહાકાવ્યો, પુરાણો, તત્ત્વજ્ઞાનની રચનાઓ, વ્યાકરણ-ગ્રંથો વગેરેનાં તમિલ ભાષામાં અનુવાદ થયા. ચોલ શાસનકાળમાં સર્જાયેલ સંસ્કૃત સાહિત્યની કૃતિઓમાં પરાન્તક પ્રથમના સમયનું વેંકટ માધવ કૃત ઋગ્વેદ પરનું ભાષ્ય તથા રાજારાજ બીજાના સમયમાં કેશવસ્વામી નામના વિદ્વાને 'નાના-ધોર્ણવ સંક્ષેપ' નામે કોષનું સર્જન કર્યું. આમ, જે સંસ્કૃત સાહિત્યના વિકાસની ક્ષિતિજો ચોલ સામ્રાજ્યમાં સારી એવી વિકસી.

### સ્થાપત્ય

ચોલ રાજાએ પલ્લવ શૈલીમાં મંદિરોનું નિર્માણ કરાવ્યું. તત્કાલીન દ્રવિડ સ્થાપત્યશૈલી પોતાની ચરમકક્ષાએ પહોંચી. આ સમયમાં શ્રી નિવાસનલ્લુર (જિ. તિરુચિલ્લાપલ્લી) કોરંગનાથનું મંદિર તેમજ પુટ્ટુક્કોટ્ટુઈ વગેરે મંદિરોનું નિર્માણ થયું. આ મંદિરોમાં પલ્લવ શૈલીનાં મંદિરોનું અનુકરણ જણાય છે. 10મી સદીના પ્રારંભથી મોટા અને વધુ માળવાળાં અને ગોપુરમ્યુક્ત મંદિરોની રચના થવા લાગી. ચોલશૈલીનાં મંદિરોમાં તાંજોરખાતે મહાન રાજ રાજા પ્રથમે બંધાવેલું રાજરાજેશ્વર કે બૃહદેશ્વર મંદિર સૌથી વધુ ભવ્ય અને આકર્ષિત હતું. રાજેન્દ્ર પહેલાએ બંધાવેલાં ઘણાં મંદિરો પણ નોંધપાત્ર છે. તાંજોરનું રાજરાજેશ્વરનું મહાન શિવમંદિર ચોલયુગના મહાન સ્થાપત્યનો ઉત્તમ નમૂનો છે.



બૃહદેશ્વરનું મંદિર



બૃહદેશ્વર મંદિરનું એક અદ્ભુત શિલ્પ



નટરાજની ધાતુની પ્રતિમા

ચોલ રાજાઓએ બંધાવેલા તાંજોર અને ગંગૈકોન્ડ ચોલપુરમ્માં બૃહદેશ્વરની દીવાલો ઉપર અસંખ્ય શિલ્પો કંડારવામાં આવ્યાં છે. આ ઉપરાંત શિવના અનેક અવતારો, રામ-સીતાની તેમજ કાલિનાગના મસ્તક પર નૃત્ય કરતા બાળકૃષ્ણની અદ્ભુત મૂર્તિઓ છે. ચોલ સામ્રાજ્યમાં 10મી સદી દરમિયાન ધાતુશિલ્પોનો પણ વિકાસ થયો હતો. તેમાં મુખ્યત્વે તાંબાનાં કે કાંસાનાં શિલ્પો જોવા મળે છે. 11મી-12મી સદીથી નટરાજની ધાતુપ્રતિમાઓની રચના વિશેષ પ્રચલિત બની. એ પૈકી તિરુવલંગાડું (જિ.ચિત્તુર)માંથી પ્રાપ્ત નટરાજની કાંસાની મૂર્તિ ભારતીય ધાતુમૂર્તિકલા-નિર્માણના ઉત્કૃષ્ટ નમૂનારૂપ છે. આ ઉપરાંત મદ્રાસ (ચેન્નઈ)ના મ્યુઝિયમમાં સંગૃહીત શ્રીરામની ધાતુની મૂર્તિ પણ ઉત્તમ છે.

ચોલ સામ્રાજ્યમાં ખાસ કરીને ભીંતચિત્રોનું પણ વિશેષ મહત્ત્વ જોવા મળે છે. જેમાં તિરુમયમ અને મમંદુરની ગુફાઓ, કાંચીનાં કૈલાસનાથ અને વૈકુંઠ પેરૂમલનાં મંદિરો મુખ્ય છે. આવાં પનમલાઈના તલગિરિશ્વર મંદિરનાં ખંડિત ભીંતચિત્રો પલ્લવ શૈલીનાં છે. આ ઉપરાંત શૈવ વિષયોને લગતા ચિત્રોના નમુનાઓ અદ્ભુત છે. તેમાં પીળા, લાલ, કાળા, સફેદ વગેરે રંગોનો ઉપયોગ થયેલો જણાય છે. આમ, ચોલસામ્રાજ્યમાં સ્થાપત્ય, કલા, ધાતુશિલ્પ અને ચિત્રકલાનો સમન્વય થયો. જેને દક્ષિણ ભારતના ઇતિહાસનું એક નોંધપાત્ર પ્રદાન ગણાવી શકાય.

## દેવગીરીના યાદવો

યાદવો પોતાને ભગવાન શ્રીકૃષ્ણના વંશજ હોવાનું જણાવે છે. તેમનો પ્રાંરભિક ઇતિહાસ જાણવા મળતો નથી. ઐતિહાસિક કાળમાં તેમનાં બે રાજકુળોમાંના એકનું કેન્દ્ર દેવગીરી (વર્તમાન દોલતાબાદ - ઔરંગાબાદ પાસે) બીજું મૈસુર રાજ્યમાં આવેલ દ્વારાસમુદ્ર (વર્તમાન ‘હાલેબીડ’) હોવાનું જણાય છે. આ દ્વારાસમુદ્રનું રાજકુળ હોયસળ નામે ઓળખાય છે. યાદવો રાષ્ટ્રકૂટો અને પશ્ચિમી ચાલુક્યોના સામંતો તરીકે કામ કરતા હતા. તેઓ 10મી સદીમાં રાજ્યસત્તા પર આવ્યા અને 12મી સદીમાં ઘણા શક્તિશાળી બન્યા. તેમનો પ્રથમ શાસક ભિલ્લમ 1લો હતો. આ સમયે દખ્ખણમાં ભારે રાજકીય ઊથલ પાથલ થઈ રહી હતી. કલ્યાણીના ચાલુક્ય રાજવી સોમેશ્વર 4થાને ત્યાંથી હાંકી કાઢી યાદવો સ્વતંત્ર થયા હતા. તેથી ભિલ્લમ 9માએ આ શાસકોને હરાવી સમ્રાટનું બિરુદ ધારણ કર્યું. તથા દેવગીરીને પોતાના પાટનગર તરીકે પસંદ કર્યું. ચાલુક્યોની શક્તિ નબળી પડતા તેનો લાભ દ્વારાસમુદ્રના હોયસળો લેવા માંગતા હતા, પરંતુ આ ભિલ્લમે હોયસળના રાજા વિર બલ્લાલને તથા ચોલ રાજા કુલોત્તુંગ 3જાને હરાવી તેમના પ્રદેશો જીતી લીધા.

## જૈત્રપાલ - (જૈતુંગી) (ઈ.સ. 1193-1200)

યાદવોના આ શાસકે દક્ષિણમાં કાકતિયો, ગંગો અને ચોલો, ઉત્તરમાં પરમારો તથા ચૌલુક્ય સાથે લડાઈ કરી ઘણા વિજયો મેળવ્યા હતા. તેણે પોતાના સમકાલીન રાજાઓ ઉપર પોતાનો પ્રભાવ પાડી આ કુળની પ્રતિષ્ઠા વધારી.

## સિંઘણ (ઈ.સ. 1200-1247)

સિંઘણ જૈત્રપાલનો પુત્ર હતો. તે યાદવવંશનો સૌથી વિશેષ પ્રતાપી રાજા હતો. તેણે ઘણા યુદ્ધો કરી યાદવ રાજ્યને ઉન્નતિનાં શિખરે પહોંચાડ્યું હતુ. પોતાના કુળના અપમાનનું વેર લેવા તેણે હોયસળના રાજા પર ચડાઈ કરી, વીર બલ્લાલને

હરાવી તેના અનેક પ્રદેશો પર પોતાનું આધિપત્ય સ્થાપ્યું. હોયસળો ઉપર પ્રાપ્ત કરેલ વિજયના સ્મારક તરીકે તેણે કાવેરી નદીકાંઠે એક વિજયસ્તંભ ઊભો કર્યો. ગોવા અને કોલ્હાપુરના શાસકો તેમજ દખ્ખણના અનેક નાના રાજવીઓએ સિંઘણની આધીનતા સ્વીકારી. ગુજરાત ઉપર તેણે બે વાર ચઢાઈ કરી અને ત્યાંનો લાટ પ્રદેશ જીત્યો. તેણે માળવા પર આક્રમણ કરી ત્યાં પોતાનો અધિકાર સ્થાપિત કર્યો. આમ, આ સિંઘણ રાજાએ વિશાળ સામ્રાજ્યનું નિર્માણ કરી કાવેરી સુધીનો દક્ષિણ ભારત અને વિંધ્યાચળ પહાડની ગિરિમાળા તથા ઉત્તરનો કેટલોક પ્રદેશ પોતાની સત્તા નીચે આણ્યો.

સિંઘણ એક વિજેતા રાજવી ઉપરાંત વિદ્વાનોનો આશ્રયદાતા પણ હતો. તેના સમયમાં ‘સંગીતરત્નાકર’નો રચનાર સારંગધર તેના આશ્રય નીચે રાજકવિ હતો. પ્રસિદ્ધ જ્યોતિષ ચાંગદેવ અને અનંતદેવ તેની રાજસભાના તેજસ્વી રત્નો હતાં. ભાસ્કરાચાર્યે લખેલા ‘સિદ્ધાંતશિરોમણી’ તથા જ્યોતિષ સંબંધી અન્ય ગ્રંથોના અધ્યયન માટે તેણે એક કેન્દ્રની સ્થાપના કરી. તેણે પોતાના શાસનકાળ દરમિયાન 84 જેટલા કિલ્લાઓ બંધાવ્યા.

### કૃષ્ણ (કણ્ણર કે કન્હર) (ઈ.સ. 1247-1260)

સિંઘણનું અવસાન થતાં તેના પૌત્ર તેમજ જૈતુંગી રાજાનો પુત્ર કૃષ્ણ ગાદીએ આવ્યો. તેણે પણ માળવા, ગુજરાત અને કોંકણના રાજા સાથે યુદ્ધો કર્યાં. તે બ્રાહ્મણધર્મનો પરમ અનુયાયી હતો અને વિદ્વાનોનો આશ્રયદાતા હતો. તેના સમયમાં ‘સૂક્તિ મુક્તાવલી’ અને અમલાનંદે ‘વેદાંત કલ્પતરુ’ નામના ગ્રંથોની રચના થઈ.

### રામચંદ્ર (રામદેવ) (ઈ.સ. 1270-1311)

કૃષ્ણ પછી તેનો ભાઈ મહાદેવ ગાદીએ આવ્યો. મહાદેવના મૃત્યુબાદ કૃષ્ણનો પુત્ર રામચંદ્ર ગાદીએ આવ્યો. આ રાજા રામચંદ્રના સમયે અલાઉદ્દીન ખલજીએ દેવગીરી પર આક્રમણ કર્યું, રાજા રામચંદ્રએ અલાઉદ્દીન સાથે સંધિ કરી કેટલાક પ્રદેશો તેમજ મોટી રકમ તથા વાર્ષિક ખંડણી આપવાનું વચન આપી અલાઉદ્દીનના લશ્કરનો સામનો કરવાનું ટાળ્યું. અલાઉદ્દીન ખલજી દ્વારા થયેલી સંધિનું તેણે ઉલ્લંઘન કરતાં ખંડણી ભરવાનું બંધ કર્યુ. આથી અલાઉદ્દીન ખલજીના સેનાપતિ મલેકકાફુરે દેવગીરી પર ચડાઈ કરી. રાજા રામચંદ્રને કેદ કરી દિલ્હી મોકલી આપવામાં આવ્યો. સુલતાને તેને રાયેરાયનની ઉપાધિ આપી, પોતાનો ખંડિયો રાજા બનાવી, દેવગીરી પાછો મોકલી દીધો. તે પછી તેનો પુત્ર સિંઘણ રાજા ગાદીએ બેઠો. અલાઉદ્દીનનું મૃત્યુ થતાં તે સ્વતંત્ર થઈ ગયો. ત્યારબાદ (ઈ.સ 1317) ફરીવાર મલેકકાફુરે દેવગીરી પર આક્રમણ કર્યું અને તેને જીતીને દિલ્હી સલ્તનતનો એક ભાગ બનાવી તેનું નામ દોલતાબાદ રાખવામાં આવ્યું. દખ્ખણ ભારતમાં દેવગીરીના યાદવો યશસ્વી સમ્રાટોની હરોળમાં મુકાય તેવા હતા. વિંધ્યાચળ પર્વતમાળાઓ પર તેમણે પોતાના સુંદર મહેલો બંધાવ્યા. આજે પણ ઔરંગાબાદથી ઈલોરા જતાં તે મહેલોના ભગ્ન અવશેષો જોવા મળે છે.

## બંગાળનું રાજ્ય

### પાલવંશ

પાલવંશનો સ્થાપક ગોપાલ (ઈ.સ. 750-770) નામનો રાજવી હતો. ધર્મપાલના ખાલિમપુર અભિલેખ અનુસાર અરાજકતાથી છૂટવા માટે સામાન્ય જનતાએ ગોપાલને રાજા બનાવ્યો. તેણે નાલંદામાં એક ‘વિહાર’ની સ્થાપના કરી. તેના ઉત્તરાધિકારી તરીકે ધર્મપાલ રાજા થયો. કનોજના ત્રિપક્ષીય સંઘર્ષમાં ધર્મપાલ, પ્રતિહાર શાસક વત્સરાજ તથા રાષ્ટ્રકૂટ શાસક ધ્રુવથી પરાજિત થયો. મુંગેર નજીક પ્રતિહાર શાસક નાગભટ્ટ બીજાથી પણ પરાજિત તે થયો. ત્યારબાદ દેવપાલ શાસક બન્યો. તે પોતાની રાજધાની પાટલીપુત્રથી મુંગેર લઈ ગયો. શાસનનાં કાર્યોમાં તેણે પોતાના યોગ્ય મંત્રી દર્ભપાણી તથા કેદારમિશ્રની મદદ લીધી હતી.

ત્યારબાદ વિગ્રહપાલ 1, નારાયણપાલ, રાજપાલ જેવા દુર્બળ શાસક આ વંશમાં થયા. એ જ રીતે આ વંશમાં મહિપાલ 1લો શાસક બન્યો. તે પાલવંશનો બીજો સંસ્થાપક કહી શકાય. તે રાજેન્દ્ર ચોલ દ્વારા પરાજિત થયો. દક્ષિણ-પશ્ચિમ બંગાળમાં સૂર નામની સ્થાનિક જાતિ તથા પૂર્વ બંગાળમાં ચન્દ્ર નામના સ્થાનિક શાસક સ્વતંત્ર થઈ ગયા. આ વંશનો અંતિમ શાસક મદનપાલ હતો.

### સેનવંશ

પાલવંશનાં પતન બાદ વિજયસેન દ્વારા (ઈ.સ. 1095 - 1158) સેનવંશની સ્થાપનાં કરવામાં આવી. તે મૂળ કર્ણાટકના હતા. વિજયસેન શૈવધર્મી હોવાથી તેના એક નગર - દેવપાડામાં શિવમંદિર આવેલું હતું. ત્યારપછી બલ્લાલસેન શાસક બન્યો. તેણે ગૌડેશ્વરની પદવી ધારણ કરી. તે પણ શૈવધર્મી હતો. બલ્લાલસેન વિજયસેનનો પુત્ર હતો. તેણે મિથિલા જીતી લીધું. તેણે ‘દાનસાગર’ અને ‘અદભુતસાગર’ નામના ગ્રંથો રચ્યા. અંતે તે જળસમાધિ લઈ મૃત્યુ પામ્યો.

તે પછી લક્ષ્મણસેન નામનો સેનવંશી રાજવી અહીંનો શાસક બન્યો. ગઢવાલ રાજા જયચન્દ્ર તેમનો સમકાલીન હતો. તેના દરબારી કવિ શ્રીધરદાસ હતા. જેમણે 'સદુક્તિકર્ણામૃત'ની રચના કરી. તેમના દરબારમાં મહાન વિદ્વાન જયદેવે 'ગીતગોવિંદ'ની રચના કરી. તેના શાસનકાળમાં તેણે બિહાર પ્રદેશનો મોટો ભાગ પોતાના સામ્રાજ્યમાં ભેળવ્યો હતો. તેના નામ ઉપરથી બિહારમાં લક્ષ્મણ સવંત શરૂ થઈ. તેણે જગન્નાથપુરી જીતીને ત્યાં વિજયસ્તંભ ઊભો કર્યો હતો. મહમ્મદ બિન બખ્તિયારૂદ્દીન ખલજીએ તેની રાજધાની 'નાદિયા' પર આક્રમણ કર્યું (ઈ.સ. 1202) હતું. આ ધર્માંધ અને ક્રૂર વિજેતાએ નાદિયા નગરનો સંપૂર્ણપણે નાશ કર્યો. આમ, બંગાળ અને બિહારના પ્રદેશોમાંથી હિંદુ રાજ્યનો અંત આવ્યો.

### આસામ (કામરૂપ)

પ્રાચીન સમયમાં આસામ (કામરૂપ)માં કોની સત્તા હતી, તે જાણવા મળતું નથી. પરંતુ ગુપ્તકાળના સમયે પરોક્ષ રીતે આ પ્રદેશ પર ગુપ્તોનું શાસન ચાલતું હતું. ત્યારબાદ ત્યાં પુષ્યવર્માએ વર્મન રાજ્યની સ્થાપના કરી. ભાસ્કરવર્મા આ વર્મનરાજ્યનો છેલ્લો રાજા હતો. આ રાજાએ હર્ષવર્ધન સાથે મૈત્રી-સંધિ કરી હતી. હર્ષવર્ધનના અવસાન પછી ભાસ્કરવર્માએ સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું, પરંતુ કનોજના શાસકોએ તેને જીતી લીધું. તે પછી ત્યાં પ્રાર્લંભવંશ અને તે પછી તેનો ભત્રીજો હર્જરવર્મા કામરૂપની ગાદીએ આવ્યો. તેણે મહારાજાધિરાજ પરમેશ્વર જેવાં બિરુદો અપનાવ્યાં. પ્રાર્લંભવંશના શાસકોએ અહીં (ઈ.સ. 1000 સુધી) શાસન કર્યું.

ત્યારબાદ પાલ શાસકો અને સેન શાસકોએ આ પ્રદેશ પ્રાપ્ત કરી લીધો. અને 12મી સદીમાં પાલ અને સેન સત્તાની જગ્યાએ લગભગ 600 વર્ષ સુધી અહોમ રાજ્યસત્તાનો આસામમાં ઉદય થયો. આ અહોમ શાસકોએ 'આસામ' પ્રદેશ એવું નામ આપેલું. તેનો વિસ્તાર બ્રહ્મપુત્ર નદીની ખીણપ્રદેશવાળો વિસ્તાર હતો. અહીં ઘણા મોટા પ્રમાણમાં ચોખાની ખેતી થતી. આ વિસ્તારમાં આસામી પ્રજાએ પોતાનું એક રાજ્ય સ્વતંત્ર રીતે ઊભુ કર્યુ. પરંતુ અંગ્રેજ અને આસામ લોકો વચ્ચેના યુદ્ધમાં અંગ્રેજોનો વિજય થતાં આ પ્રદેશમાં અંગ્રેજ સત્તા સ્થપાઈ. આમ, આસામ (કામરૂપ)ના આ સ્વતંત્ર રાજ્યનો બ્રિટિશ સત્તાને હાથે અંત આવ્યો.

### ત્રિપુરા, મણિપુર અને જૈન્તિયાનાં રાજ્યો

ભારતના પૂર્વ ભાગમાં આવેલા ત્રિપુરા, મણિપુર, મેઘાલય, મિઝોરમ વગેરે રાજ્યોના પહાડી વિસ્તારોમાં, ત્યાંની મૂળ નિવાસી જાતિઓ (આદિવાસી સમૂહ) નું શાસન હતું. અશોકના સમયમાં અને પ્રાચીન ધર્મગ્રંથોમાં ત્રિપુરાને કિરાતોની ભૂમિ એવું નામ આપવામાં આવ્યુ છે. 'રાજમાલા' નામના ગ્રંથ (9મી સદી)માં ત્રિપુરાનાં રાજા કૃષ્ણકિશોર અને 'મનીકથા' નામનો છેલ્લો રાજા અહીંના શાસકોની યાદીમાં આવે છે. આ રાજ્યની સરહદો મ્યાનમારને સ્પર્શે છે. તેની ઉત્તરે આસામ પ્રદેશ સ્થિત છે. 13મી સદીમાં આ પ્રદેશ પર મુસ્લિમ આક્રમણો થયાં. અગરતલ્લા તેની રાજધાની હતી. ત્રિપુરાનું આ રાજ્ય વાંસ, શેરડી અને હસ્તકલા માટે જાણીતુ છે. સંગીત અને નૃત્ય એ આ રાજ્યની સંસ્કૃતિનું અભિન્ન અંગ છે. ત્રિપુરાના લોકો ગૌરીપૂજા (દુર્ગાપૂજા)ને વિશેષ મહત્ત્વ આપે છે.

### મણિપુર

પૂર્વ ભારતની ટેકરીઓમાં આવેલ પ્રદેશ આદિજાતિ વિસ્તાર તરીકે જાણીતો હતો. 15મી કે 16મી સદીમાં 'મીતેઈ' શાસકોએ આ વિસ્તારનાં સાત કુળોને જોડીને એક સંયુક્ત રાજ્ય બનાવ્યું. તે સમયે અહીં વૈષ્ણવધર્મનો ભારે પ્રચાર-પ્રસાર થયો હતો. પ્રાચીન સમયે મણિપુર વિવિધ નામોથી જાણીતું હતું. બર્મા અને આસામ સાથે તેના વિવિધ સંબંધો હતા. તે પછી મણિપુર પૂર્વીય હિમાલય, બ્રહ્મપુત્ર નદી અને ચિડવિનની ખીણો વચ્ચે આદિવાસી મજૂર-સંઘોએ એક મહાન રાજ્યનું નિર્માણ કર્યું. મારીગ જાતિ મણિપુરની



મણિપુરી નૃત્ય

અત્યંત જૂની જાતિ છે. નાગ, સાધ્ય,મારૂગ, માર્ય વગેરે જાતિ-સમૂહ પણ અહીં વસે છે.

મણિપુરના પ્રથમ શાસકનો પુરાવો ઈ.સ. 154ની આસપાસ મળે છે. પ્રાચીન સમયનો ઈતિહાસ વિશેષ પ્રમાણમાં જાણવા મળતો નથી. મધ્યકાળમાં અહીં લોઈમ્બા(ઈ.સ. 1074 - 1122) નામનો મહાન શાસક હતો. ત્યારબાદ 14મી અને 18મી સદી સમયે મેઈડિન્ગુ (1443 - 1467) નામનો શાસક થઈ ગયો હતો. તે પછી મેઈન્ગુકિયામ્બા નામનો શાસક આવ્યો. બર્માના શાસકો તેના મિત્રો હતા. તે સમયે ઘણાં મંદિરો આ વિસ્તારમાં બંધાવ્યાં હતાં. ઈ.સ.ની 15મી અને 16મી સદીમાં મુસ્લિમોનું પણ આ પ્રદેશમાં આગમન થયું. 16 મી સદીમાં ત્યાંની સ્થાનિક સંસ્કૃતિ તથા અર્થતંત્રવાળું એક સંપૂર્ણ વિકસિત રાજ્ય બન્યું. અહીં 16મી સદીમાં થઈ ગયેલ મેઈતેઈ રાજા વિશેષ નોંધપાત્ર હતો. તે પછી (18મી સદી) પૂર્વના વિસ્તારોમાં કંપની સરકારની લાગવગ વધતાં (ઈ.સ. 1824) મણિપુર રાજ્યમાં બ્રિટિશ કંપનીસરકારની સત્તા સ્થપાઈ. મણિપુરનું નૃત્ય 'મણિપુરી નૃત્ય' વિશ્વ વિખ્યાત છે. આ ઉપરાંત સ્થાનિક લોકનૃત્ય, સંગીત, લોકકથા વગેરે ભારતીય સંસ્કૃતિને ઉજાગર તથા સંપન્ન કરે છે.

### નેપાળ

નેપાળ પ્રાચીન સમયમાં ગંડક અને કોશી નદીઓ વચ્ચે માત્ર 20 માઈલ લાંબો અને 15 માઇલ પહોળો પ્રદેશ હતો. તે તિબેટ અને ચીન સાથે વધુ સંપર્કમાં હતો. નેપાળના ભારત સાથેના સંબંધો ઘણા જૂના છે. સમુદ્રગુપ્તના અલ્હાબાદના સ્તંભલેખમાં નેપાળ સ્વાયત્ત સરહદી રાજ્ય બતાવવામાં આવ્યું. તે ગુપ્ત સમ્રાટને મામૂલી ખંડણી આપતું અને તેના હુકમોનું પાલન કરતું રાષ્ટ્ર હતું. દક્ષિણમાં હર્ષના સામ્રાજ્યના વિકાસ (7મી સદીથી) દરમ્યાન નેપાળ બફર રાજ્ય તરીકે જાણીતું બન્યું. ઘણાં વર્ષો સુધી નેપાળમાં રાજકીય અંધાધૂંધીનું વાતાવરણ રહ્યું. ત્યારબાદ (ઈ.સ. 879 ના ઑક્ટોબરની 20મી તારીખથી) રાઘવદેવ નામના રાજાએ નવો નેપાળી સંવત ચાલુ કર્યો. તેના ત્રણ ઉત્તરાધિકારીઓએ 20 વર્ષ રાજ્ય કર્યું. તે પછી ગુણકામદેવ પ્રથમ ગાદીએ આવ્યો. તેણે 65 વર્ષ અને 5 મહિના જેટલું લાંબું રાજ્ય કર્યું. તે પ્રસિદ્ધ રાજા હતો. તેણે કાઠમંડુ (કાષ્ટમંડળ) તથા બીજાં કેટલાંક નગરોની સ્થાપના કરી.

નેપાળમાં રાજકીય પરિવર્તન થતાં તે ત્રણ ભાગોમાં વિભાજિત થયું. તેમાં પાટણ, કાઠમંડુ અને ભાટગાંવ હતું. તિરહુતના રાજા નાન્યદેવે નેપાળ ઉપર પોતાનુ આધિપત્ય સ્થાપિત રાખ્યું હતું.

નેપાળમાં બૌદ્ધધર્મના મહાયાન સંપ્રદાય અને હિંદુઓના સનાતન દેવશિવ (શૈવ) સંપ્રદાયનો વિકાસ થયો હતો. નેપાળમાં પશુપતિનાથનું સુપ્રસિદ્ધ મંદિર છે. પહેલાં નેપાળ એક ખેતીપ્રધાન દેશ હતો, પરંતુ સમય જતાં ત્યાં હુન્નરકળા તથા ઉદ્યોગની ઘણી પ્રગતિ થઈ. ત્યાંના નિવાસીઓ સમૃદ્ધ અને સંપત્તિવાન હતા. ઘણા સમયસુધી નેપાળ વિશ્વનું એકમાત્ર હિંદુ રાષ્ટ્ર રહ્યું છે.

### બિહાર

ઈસુના પ્રારંભિક સૈકામાં બંગાળના બે સ્વતંત્ર ભાગો થયા, જેમાં વાયવ્ય અને પશ્ચિમ તરફના ભાગને ગૌડ તરીકે ઓળખવામાં આવે છે, જે આજના બિહાર તરીકે ઓળખાય છે. આ વિસ્તારનાં લોકો પણ ગૌંડ તરીકે ઓળખાતા હતા. મોર્ય અને ગુપ્તકાલીન ભારતમાં આ પ્રદેશ તેનાં આધિપત્ય નીચે હતું. ગુપ્તસામ્રાજ્યની પડતી પછી નાનાં-નાનાં રાજ્યો સ્વતંત્ર થવા લાગ્યાં અને તે રીતે ગૌંડ પણ સ્વતંત્ર થયું. ગૌંડમાં 7મી સદીના પૂર્વાર્ધમાં ત્યાં શશાંક નામનો રાજવી રાજ કરતો હતો. તે શૈવધર્મી હતો. તેણે બૌદ્ધો ઉપર ઘણા અત્યાચારો કર્યા. તે પછી (8મી સદી દરમિયાન) બિહારમાં ઘણી અરાજકતા આવી ચૂકી હતી. કનોજના યશોવર્મા અને કાશ્મીરના રાજાઓ પણ ગૌંડ (વર્તમાન બિહાર)માં આંતરિક દખલગીરી કરી. આ સમયમાં સામંતોનું વર્ચસ્વ મજબૂત હતું. ગૌંડમાં અરાજકતા દૂર કરવા જનતા અને સામંત સરદારોએ મળીને ગોપાલ નામના એક વીર પુરુષને ગૌડના રાજા તરીકે ચૂંટી કાઢ્યો.

ગોપાલ બાદ ધર્મપાલ, દેવપાલ, વિગ્રહપાલ, નારાયણપાલ, રાજ્યપાલ, નયપાલ વગેરે પાલવંશના શાસકોએ ગૌંડમાં શાસન કર્યુ હતુ. ગૌડમાં પાલવંશની સત્તા નબળી થતાં, 11મી સદીના અંત ભાગમાં એક નવા રાજ્યવંશનો ઉદય થયો, જેને આપણે સેનશાસકો તરીકે ઓળખીએ છીએ.

બંગાળના સેનશાસકોમાં વિજયસેને લાંબા સમય સુધી શાસન કર્યું. તેણે સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યો કર્યાં. વિજયસેન બાદ બલ્લાલસેન અને લક્ષ્મણસેને શાસન કર્યું. લક્ષ્મણસેનનો બખત્યારૂદ્દીન ખિલજી સામે પરાજય (ઈ.સ. 1202) થયો.

પાલસામ્રાજ્યમાં સાંસ્કૃતિક ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિઓ જોવા મળે છે. 7મી અને 8મી સદી દરમિયાન ગૌડ (બિહાર)માં સંસ્કૃત ભાષાનો વિકાસ થયો અને બૌદ્ધિક સાહિત્યના વિકાસનું ખેડાણ થયું. આ ઉપરાંત માગધી, પ્રાકૃત, અપભ્રંશ, ભાષાનો પણ વિકાસ થયો. આ સમયમાં ધીમા અને તેના પુત્ર વિતપાલે (ચિત્રકારે) પ્રતિમા કંડારનાર અને કાંસુ ઢાળનાર તરીકે ઊંચી ખ્યાતી મેળવી. તેઓ સાધુઓ અને મઠવાસીઓને આશ્રય આપતા. પાલ રાજાઓએ અનેક મઠો બંધાવ્યા. આ શાસકોએ વિવિધ વિદ્યાપીઠોની પણ સ્થાપના કરી. જેમાં વિક્રમશીલા, ઉદાન્તાપુરી, સોમપુર વગેરનો સમાવેશ થાય છે.

## રાષ્ટ્રકૂટો

દખ્ખણ ભારતમાં (8મીથી 10મી સદી સુધી) રાષ્ટ્રકૂટોનું શાસન હતું. આ વિસ્તારમાં ચૌલુક્યવંશની રાજ્યસત્તા નબળી પડતાં રાષ્ટ્રકૂટવંશી રાજવીઓએ ત્યાં પોતાની રાજ્યસત્તા સ્થાપી. રાષ્ટ્રકૂટ કુળનો સ્થાપક, કોઈ રાજસત્તાનો ઉચ્ચ અધિકારી હોવાનો જણાય છે. અશોકના શિલાલેખમાં પણ આ નામનો ઉલ્લેખ જોવા મળે છે. ઈન્દ્ર પ્રથમે એલચીપુર ખાતેની રાજધાનીમાં પોતાની રાજ્યસત્તા પ્રબળ બનાવી. તેના અવસાન બાદ સત્તાસ્થાને આવેલ રાજા દંતિદુર્ગ આ વંશનો અત્યંત પરાક્રમી અને મહત્ત્વાકાંક્ષી  રાજા હતો. તેના પછી કૃષ્ણરાજ પ્રથમ ગાદીએ આવ્યો. તેણે વેંગીના ચાલુક્યોને હરાવીને મિત્રસંઘની સ્થાપના કરી. પોતાના પ્રતાપથી આ રાષ્ટ્રકૂટ રાજવીઓ, ચાલુક્ય રાજવીઓના માલિકો બન્યા. રાજ્યસત્તા સ્થિર અને સુદ્રઢ થતાં તેમણે કલા-સ્થાપત્યને ક્ષેત્રે અમૂલ્ય પ્રદાન આપ્યું. 8મી સદીમાં કૃષ્ણરાજ પ્રથમના શાસન સમયે ઈલોરાનાં પ્રખ્યાત મંદિરો બંધાવ્યાં.



ઈલોરાનું ગુફામંદિર અને તેનાં શિલ્પો

તેમાં બૌદ્ધગુફાઓ અને ગુફા નં. 16નું કૈલાસમંદિર જગપ્રસિદ્ધ છે. 9મી સદીમાં થયેલા અમોઘવર્ષ પહેલાની વિશ્વના ચાર મહાન શાસકોમાં ગણના થતી. તે સાહિત્ય અને કલાનો ઉપાસક તથા પોષક હતો. તેણે કન્નડ ભાષામાં ‘કવિરાજમાર્ગ’ નામની કાવ્યકૃતિ રચી છે. આમ, રાષ્ટ્રકૂટ શાસકોએ સંસ્કૃત, કન્નડ તથા પ્રાકૃત ભાષાને ઉત્તેજન આપ્યું. રાષ્ટ્રકૂટ સત્તાનો પ્રતાપ ઓસરી જતાં કલ્યાણીના ચાલુક્ય રાજા તૈલપે આ સત્તાનો અંત આણ્યો.

## રાષ્ટ્રકૂટ રાજવીઓનું પ્રદાન

### વહીવટી અને સાંસ્કૃતિક ક્ષેત્રે પ્રદાન

રાષ્ટ્રકૂટ રાજ્યસત્તામાં રાજા કેન્દ્રમાં હતો. રાજ્યનો વહીવટ ચલાવવા માટે તેના દરબારીઓની સલાહ લેતો. રાજ્યનાં કેટલાક એકમ કે ખાતાં પાડીને તેના પર અધિકારીઓની નિમણૂક કરવામાં આવતી. તેનું છેલ્લું વહીવટી એકમ ગ્રામ હતું. રાષ્ટ્રકૂટ રાજવીઓના સમયમાં પૌરાણિક હિન્દુધર્મનો દખ્ખણમાં વ્યાપક પ્રચાર થવા લાગ્યો. સમ્રાટ દંતિદુર્ગે અનેક હિંદુમંદિરો અને કૃષ્ણ પ્રથમે ઈલોરાનું જગવિખ્યાત કૈલાસમંદિર બંધાવ્યું. રાજા અમોઘવર્ષે જૈન (દિગંબર) ધર્મને વિશેષ પ્રોત્સાહન આપ્યું. આ રાજવીઓએ કનેરીના બૌદ્ધવિહારમાં એક મોટું ગ્રંથાલય, 27 છાત્રાલયો, અને દેશવિદેશના વિદ્યાર્થીઓને વિદ્વાન

આચાર્યો દ્વારા શિક્ષણ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવી. વિદ્યાલયના ખર્ચ માટે 60 એકર જેટલી જમીનની આવક વિદ્યાલયના નિભાવ પેટે મળતી. રાષ્ટ્રકૂટ રાજવીઓ સાહિત્યપ્રેમી હતા. રાજા અમોઘવર્ષ પોતે એક સારો સાહિત્યકાર હતો. તેણે કન્નડ ભાષામાં 'હરિવંશપુરાણ' નામનો પ્રસિધ્ધ ગ્રંથ રચ્યો. રાજવી ઈન્દ્ર 3જાના સમયે ત્રિવિક્રમ ભટ્ટે 'નલચમ્પુ' (નળ - દમયંતિ કથા)ની રચના કરી. આમ, રાષ્ટ્રકૂટ રાજવીઓ કલા-સ્થાપત્ય અને વિદ્વત્તાના પોષક અને પારખુ હતા.

## બુંદેલખંડના ચંદેલાઓ

ઉત્તર ભારતના પ્રસિદ્ધ રાજપૂત શાસકવંશમાં જેજાકભૂક્તિના ચંદેલ અને ત્રિપુરીના કલ્ચુરિઓ (ચેદીવંશ)નું આધિપત્ય (વર્તમાન મધ્યપ્રદેશ ઝાંસી ગ્વાલિયરના વિસ્તાર પર) હતું. ચંદેલોના મૂળ વિષે વિવિધ પ્રશ્નો પ્રવર્તે છે. તેમની ઉત્પત્તિ આદિજાતિ ગૌડમાંથી થઈ હોવાનું મનાય છે. વાસ્તવમાં જેજાકભૂક્તિ નામ પણ ચંદેલરાજા જોજક પરથી પડેલ છે. તે ચંદેલ વંશના સ્થાપક તેના પિતા વાક્પતિના અવસાન પછી ગાદીએ આવ્યો. તેણે બુંદેલખંડમાં ચંદેલ રાજ્યની સ્થાપના કરી. જેની રાજધાની ખજૂરાહો હતી. આ ચંદેલાઓ ક્રમશઃ પ્રસિદ્ધિમાં આવ્યા. તેમણે પ્રતિહાર શાસકોને દૂર કરી છત્તરપુર પાસે એક નાનું રાજ્ય મેળવ્યું અને ધીમે-ધીમે ઉત્તર તરફ આગળ વધી જમના નદી પાસે (મહોબાનગરમાં) પોતાની સત્તા જમાવી.

### યશોવર્મા (ઈ.સ. 925 - 950)

યશોવર્મા એ રાજવી હર્ષદેવનો પુત્ર હતો. તે લક્ષ્મીવર્મા નામથી પણ ઓળખાતો. તેણે પ્રતિહારો સાથેના સંબંધો તોડીને કાલિંજરનો ગઢ જીત્યો. તેણે પોતાના સમયમાં પ્રતિહાર દેવપાલને હરાવ્યો અને ત્યાંથી વિષ્ણું (વૈકુંઠ)ની મૂલ્યવાન મૂર્તિની ખજૂરાહોમાં પ્રતિષ્ઠા કરી. તેણે નર્મદાનદીના ઉત્તર સુધી રાજ્ય વિસ્તાર કરી વિજયારંભ કર્યો. ઉપરાંત ગૌંડ, કૌસલ, કાશ્મીર, મિથિલા, માલવ, ચેદિ, કુરૂ, ગૂર્જર સાથે લડાઈ કરી વિજયો મેળવ્યા અને ઉત્તર ભારતમાં પણ સફળતા મેળવી.

### ધંગ (ઈ.સ. 950 - 1002)

ધંગ એ યશોવર્માનો પુત્ર હતો. ધંગનું રાજ્ય ઉત્તરે યમુનાથી માંડી દક્ષિણે ચેદી રાજ્ય સુધી અને પૂર્વમાં કાલિંજરથી પશ્ચિમે ગ્વાલિયર અને ભિલસા (માળવા) સુધી વિસ્તાર પામેલું હતું. તેણે મહારાજાધિરાજનું બિરુદ અપનાવ્યું. તે શિવભક્ત હતો. તે સો વર્ષની વયે પહોંચ્યો ત્યારે તેણે અલ્હાબાદના ત્રિવેણીસંગમ પર ધ્યાનાવસ્થામાં જળસમાધિ લીધી.

### ગંડ (ઈ.સ. 1002 - 1025)

ગંડ એ ધંગનો પુત્ર હતો. મહેમૂદ ગઝનવી લાહોર તરફ ચડાઈ કરવા આવ્યો, ત્યારે આનંદપાલે મિત્રસંઘની રચના કરી, જેમાં ગંડ પણ જોડાયો. મહેમૂદ ગઝનવીનો ચઢાઈ કરવાનો ખ્યાલ આવતાં તેની સામે આક્રમણ કરતાં નિષ્ફળ નીવડ્યો. મહેમૂદ ગઝનવીએ ચંદેલ પ્રદેશો પર પુનઃઆક્રમણ કરી ગંડને નમાવી કેટલીક શરતો કબુલાવી. ગંડરાજા પછી ચંદેલાઓનો પાડોશી રાજ્યો સાથેનો ઇતિહાસ સતત યુદ્ધોથી ભરેલો છે. તે પછી મદનવર્મા થઈ ગયો. તેણે ત્રિપુરીના કલ્ચૂરીઓને હરાવ્યા.


### પરમર્દિદેવ (પરમાર) (ઈ.સ. 1165 - 1201)

આ વંશનો નોંધપાત્ર રાજા પરમર્દિદેવ કે પરમાર હતો. તે મદનવર્માનો પૌત્ર હતો. પૃથ્વીરાજ ચૌહાણે પોતાની બધી જ શક્તિનો ઉપયોગ કરી તેને સખત હાર આપી. મુસલમાનોનાં સફળ આક્રમણો સામે તે એકલો પડી જતાં તેણે નાછૂટકે તુર્કોની સર્વોપરિતા સ્વીકારવાનો નિર્ણય કર્યો.

### ત્રૈલોક્ય વર્મા (ત્રૈલોક્યમલ્લ ઈ.સ. 1205 - 1241)

પરમર્દિદેવનો પુત્ર ત્રૈલોક્ય વર્મા એક બળવાન સૈન્ય તૈયાર કરી કકડાદહ સ્થળે તુર્ક ફોજ સાથે લડ્યો અને તેમાં તેનો વિજય થયો. તેણે કાલિંજર સહિતના પ્રદેશો જીતી લીધા.

ત્રિલોક્ય વર્મા પછી તેમનો પુત્ર વીરવર્મા પ્રથમ ગાદીએ આવ્યો. ત્યારબાદ ભોજ વર્મા અને હમ્મીર વર્મા ગાદીએ આવ્યા. વીર વર્મા 2જાએ બુંદેલખંડમાં લાંબું રાજ્ય કર્યું.



**ખજૂરાહો મંદિર સમૂહ (કંડારિયા મહાદેવ) અને તેનાં શિલ્પો**

ભારતના ઇતિહાસમાં ચંદેલવંશનું મહત્ત્વ ઘણું જ છે. ખજૂરાહો, કાલિંજર, મહોબા તેનાં મુખ્ય નગરો હતાં. અહીં આવેલાં ખજૂરાહોનાં ભવ્ય મંદિરો તીર્થસ્થાન તરીકે ખ્યાતી ધરાવે છે. ચંદેલાઓએ બુંદેલખંડને ભવ્ય ધાર્મિક મકાનો અને જળાશયો બંધાવીને સુશોભિત કર્યુ. મહોબામાં મદન વર્માએ બંધાવેલ મદનસાગર જળાશય ઘણું જ પ્રસિધ્ધ છે. તે તેમના વૈભવ અને કલાપ્રેમના જીવતાજાગતા નમુના સમાન છે.

## ત્રિપુરીના કલ્ચૂરિઓ

કલ્ચૂરિઓ કે કટચુરીઓ, કાર્તિવિર્ય અર્જુનના વંશજ હોવાનું કહેવાય છે. તેઓ હોય જાતિની શાખાના હતા. નર્મદા નદીની દક્ષિણે અને ગોદાવરી નદીની ઉત્તરના પ્રદેશ (મધ્યપ્રદેશ)માં તેમનું રાજ્ય હતું. જબલપુર નજીકનો પ્રદેશ, જે ડાહલ પ્રદેશ તરીકે ઓળખાતો હતો, ત્યાં ચેદીવંશનો ઉદભવ થયો. તેની રાજધાની ત્રિપુરીમાં હતી. ઈ.સ. 249 કે 250થી આરંભાયેલ સવંત કલ્ચૂરિઓએ વાપર્યો હતો. આ વંશના ત્રણ રાજાઓ કૃષ્ણરાજ, તેનો પુત્ર શંકરગણ અને તેનો પુત્ર બુદ્ધરાજ જાણીતા રાજવીઓ છે.

8મી સદીના મધ્ય ભાગમાં કલ્ચૂરિઓની એક શાખા બુંદેલખંડમાં ચેદીપ્રદેશમાં સત્તાધારી બની હતી. કોંકલદેવ નામના રાજાએ આ વંશની સ્થાપના કરી હતી. કોંકલને અઢાર પુત્રો હતા. જેમાં સૌથી મોટો શંકરગણ (ઈ.સ. 878 થી 888) અને ત્યાર બાદ કોંકલ 2જો ગાદીએ આવ્યો.

## ગાંગેયદેવ (ઈ.સ. 1018 - 1040) :

ગાંગેયદેવે અનેક વિજયો પ્રાપ્ત કર્યા હતા. તેથી તેણે 'ત્રિકલીંગાધીપતિ' નામનું બિરુદ ધારણ કર્યું. તેણે બનારસ જીતીને પોતાના રાજ્યમાં ભેળવ્યું. તેણે વિક્રમાદિત્યનો ઈલ્કાબ ધારણ કર્યો. એને મહેમૂદ ગઝનવી તથા ચૌલુક્ય (સોલંકી) રાજા સિદ્ધરાજ જયસિંહ વગેરે સાથે સંઘર્ષમાં ઊતરવું પડ્યું. ગાંગેયદેવ પછી લક્ષ્મીકર્ણ. ત્યારબાદ ગયકર્ણ, અને તે પછી તેનાં ભાઈ જયસિંહે ગાદીએ આવીને પોતાના કુટુંબની પ્રતિષ્ઠા પુનઃપ્રાપ્ત કરી. ચૌલુક્ય રાજા કુમારપાળ અને કુંતલ રાજા વિંધ્યના ઉપર તેણે વિજય મેળવ્યો. 9મી સદીથી લઈને 13મી સદી સુધી આ કલ્ચૂરી રાજ્યો આ પ્રદેશમાં નાનાં રાજ્યો તરીકે અસ્તિત્વ ધરાવતાં હતાં.

## દ્વારસમુદ્રના હોયસળો

યાદવોની જેમ હોયસળો પણ પોતાને શ્રીકૃષ્ણના વંશજો માનતા હતા. આ રાજાઓએ પોતાને યાદવકુળ તિલક અથવા ચંદ્રવંશી ક્ષત્રિય ગણાવ્યા છે. એક જૈનધર્મી પુરુષે એક મહર્ષિના કહેવાથી વાઘને લોખંડના સળિયા વડે મરી નાખ્યો, તેથી તેને પોયસલ કહેવામાં આવ્યા. જે આગળ જતાં હોયસળ તરીકે ઓળખાયા. આ હોયસળોનો રાજ્યવિસ્તાર વર્તમાન મૈસુર પ્રદેશ હતો. તેની રાજધાની દ્વારસમુદ્રમાં હતી. એક સમયે તેઓ ચાલુક્ય અને ચોલોના ખંડિયા રાજાઓ હતા. આગળ જતાં નૃત્યકામે આ સત્તાનો પાયો નાંખ્યો. હોયસળ રાજ્યનો પ્રખ્યાત રાજવી વિનયાદિત્ય 2જો હતો. ચોલો અને ચાલુક્યો વચ્ચે જે યુદ્ધ થયું, તેનો લાભ લઈ હોયસળોએ પોતાનો પ્રદેશવિસ્તાર વધાર્યો.

## બલ્લાલ પ્રથમ (ઈ.સ. 1101 - 1106)

વિનાયાદિત્ય પછી બલ્લાલ પ્રથમ તેનો ઉત્તરાધિકારી થયો. તેણે પોતાનું પાટનગર મૈસુર પાસે વેલ્લોર (વેલાપુર) રાખ્યું હતું. દ્વારસમુદ્ર (હાલેબીડ) તેની બીજી રાજધાની હતી. બલ્લાલને તેના સમયમાં અનેક વિરોધીઓનો સામનો કરવો પડ્યો હતો.

ત્યારબાદ તેનો ભાઈ વિષ્ણુદેવ ગાદીએ આવ્યો. તે પ્રતાપી અને મહત્ત્વાકાંક્ષી રાજા હતો. એણે દ્વારાસમુદ્રને પોતાની રાજધાની રાખી હતી. તેણે ગંગવાડી અને નોલંબવાડી જીતી લઈ પોતાના રાજ્યમાં જોડ્યાં. તેણે તુલાપુરુષવિધિ કરી અનેક મંદિરો બંધાવ્યાં, જેમાં વેલોરનું મંદિર પ્રસિદ્ધ છે. તેણે શ્રીરંગપટ્ટમમાં પણ મંદિરો બંધાવ્યાં.

## વીર બલ્લાલ બીજો (ઈ.સ. 1173 - 1220)

વીર બલ્લાલ 2જો વિષ્ણુવર્ધનનો પૌત્ર હતો. તે હોયસળવંશનો સૌથી વિશેષ પ્રસિદ્ધ, યોગ્ય અને શક્તિશાળી રાજા હતો. ચાલુક્યસત્તાની પડતીનો લાભ લઈ તેણે ફરી પોતાની સ્વતંત્રતા જાહેર કરી. આથી તેને યાદવો સાથે ઘર્ષણમાં ઊતરવું પડ્યું. તેણે અનેક બિરુદો અપનાવ્યાં. ત્યારબાદ નૃસિંહ 2જો અને તે પછી સોમેશ્વર (ઈ.સ. 1234 - 1262) ગાદીએ આવ્યો. તેણે અનેક વિજયો મેળવ્યા. પાંડ્ય માંડલિકો સાથે યુદ્ધમાં ઊતરતાં તેનું મૃત્યુ થયું. અંતે આ રાજ્ય સોમેશ્વરના બે પુત્રો વચ્ચે વહેંચાઈ ગયું. તેમાંના એક નરસિંહ 3જા અને તેના નાના ભાઈ રામનાથે દક્ષિણમાં રાજ્ય સ્થાપ્યું. તેની રાજધાની કન્નુર હતી. અલાઉદ્દીન ખલજીના સેનાપતિ મલિક કાફૂરે દક્ષિણ ભારત પર ચડાઈ કરીને હોયસળોને હરાવી તે વંશનો અંત આણ્યો.

## સાંસ્કૃતિક સિદ્ધિઓ

હોયસળ શાસકોએ કવિઓને રાજ્યાશ્રય આપ્યો. તેમના રાજ્યમાં વિદ્યા, સાહિત્ય અને કલાની સારી પ્રગતિ થઈ. તેમણે વિશાળ મંદિરો બંધાવ્યાં. તેમના કેટલાંક દ્વારાસમુદ્ર અને અન્ય જગ્યાએ આજે પણ હયાત છે. રાજા વિષ્ણુવર્ધને નાગચંદ્રને પોતાની રાજ્યસભામાં સ્થાન આપ્યું. કાંતિ ભિક્ષુણી કન્નડ ભાષાની પ્રસિદ્ધ કવયિત્રી હતી, જે વિષ્ણુવર્ધનની સમકાલીન હતી. નૈમિચંદ્ર નામના વિદ્વાને 'સ્વપ્નવાસવદત્તા' પરથી કન્નડ ભાષામાં 'લીલાવતી' ગ્રંથ રચ્યો.

## પાંડ્યરાજ્ય

પાંડ્યરાજ્યનો સૌથી પહેલો ઉલ્લેખ અશોકના શિલાલેખમાં થયેલો છે. તે ઉપરાંત 'સંગમ'સાહિત્યમાંથી પણ પાંડ્ય રાજાઓ વિશે છૂટીછવાયી માહિતી મળે છે. પરંતુ તેમના વિશે ખરી માહિતી 8મી અને 9મી સદીના સમકાલીન સાહિત્ય અને શિલાલેખમાંથી મળી રહે છે. 8મી સદીમાં થઈ ગયેલ મારવર્મન રાજસિંહ 1લો, તેનો પુત્ર જટિલ પરાંતક, તથા 9મી સદીમાં તેનો પુત્ર શ્રીમાર શ્રીવલ્લભ એ પરાક્રમી પાંડ્યરાજાઓ થયા હતા. તેમણે પલ્લવ તથા ગંગ, ચોલ, કલિંગ વગેરેને હરાવી પાંડ્યરાજ્યનો વિસ્તાર કર્યો.

12મી સદીમાં જાતવર્મન કુલશેખર નામના બળવાન પાંડ્ય સરદારે ચોલ આધિપત્ય ફગાવીને 'દ્વિતીય પાંડ્ય રાજ્ય'ની સ્થાપના કરી. જાતવર્મન કુલશેખરના વંશમાં મારવર્મન, જાતવર્મન સુંદર, મારવર્મન કુલશેખર વગેરે બળવાન રાજવીઓ થઈ ગયા. તેમણે ચોલ, કેરલ, મૈસુર તથા લંકાના રાજવીઓને હરાવ્યા. પાંડ્યરાજ્ય ઉત્તરે નેલોરથી દક્ષિણે લંકા સુધી વિસ્તરેલું હતુ. તેમણે અનેક મંદિરો પણ બંધાવ્યાં. તેણે શ્રીરંગમ્ તથા ચિદમ્બરમ્નાં ભવ્ય મંદિરોનાં શિખરો ઉપર સોનું મઢાવ્યું.

મારવર્મન કુલશેખર પાંડ્યના સમયમાં વેનિસનો પ્રખ્યાત મુસાફર માર્કોપોલો દક્ષિણ ભારતમાં આવ્યો. તેણે પાંડ્ય-રાજાના તેના રાજ્ય-વહીવટ અને અઢળક સમૃદ્ધિનાં ભરપેટ વખાણ કર્યાં છે. અહીં મોટા-મોટા મોતીઓ જોઈને તેને ઘણી નવાઈ લાગી.

મારવર્મન કુલશેખરના અવસાન બાદ બીજા જ વર્ષે દિલ્હીના સુલતાન અલાઉદ્દીન ખિલજીના સેનાપતિ મલેકકાફુરે પાંડ્યોના પાટનગર મદુરા ઉપર આક્રમણ કરીને તેને જીતી લેતાં પાંડ્યસત્તાનો અંત આવ્યો.

## વિજયનગરનું રાજ્ય

વિજયનગર રાજ્યની સ્થાપના હરિહરરાય અને બુક્કરાય (બુક્કા) નામના બે ભાઈઓએ કરી. મહેમુદ તુઘલકે ગુંડીના રાજા મૃત્યુ પામતાં, ત્યાના વહીવટદાર તરીકે આ બન્ને ભાઈઓને નીમ્યા. માધવ વિદ્યારણ્ય અને તેના ભાઈ સાયણાચાર્યની પ્રેરણાથી તુંગભદ્રા નદીને દક્ષિણે અને ગુંડીના કિલ્લાની સામે, વિજયનગર (ગુરુ વિદ્યારણ્યની યાદ રૂપે) રાજ્યની સ્થાપના કરી. હરિહરરાય પહેલો એનો રાજા બન્યો. તેના પિતાના નામ 'સંગમ' પરથી 'સંગમવંશ' તરીકે વિખ્યાત થયો. તેણે

પોતાની સત્તા ઉત્તરે, કૃષ્ણા નદીથી દક્ષિણે કાવેરી નદી સુધી વિસ્તારી. તેના પછી તેનો ભાઈ બુક્કરાય, હરિહર બીજો, ગાદીએ આવ્યા. આ રાજ્યમાં અનુક્રમે દેવરાય 1લો, દેવરાય 2જો, વિરૂપક્ષ 2જો વગેરે રાજવીઓ થઈ ગયા. સાલુવ નરસિંહ નામના સરદારે સંગમવંશનો અંત આણી વિજયનગરમાં સાલુવવંશની સ્થાપના કરી અને વિજયનગરની પ્રતિષ્ઠા પાછી મેળવી. પરંતુ આગળ જતા તેનાં વારસદારો નબળા પડતાં સરદાર નરસિંહે ગાદી પચાવી પાડીને 'તુલુવવંશ'ની સ્થાપના કરી.

### કૃષ્ણદેવરાય (ઈ.સ. 1509 - 1530)



કૃષ્ણદેવરાય

વીર નરસિંહ પછી ગાદીએ આવેલો તેનો ભાઈ કૃષ્ણદેવરાય (ઈ.સ. 1509 - 1530) માત્ર વિજયનગર રાજ્યનો જ નહીં, પરંતુ મધ્યકાલીન ભારતના ઈતિહાસનો પણ સૌથી મહાન રાજવી ગણાય છે. તેણે બીજાપુર અને ઓરિસ્સાના રાજવીઓને હરાવી વિજયનગર રાજ્યનો ભારે વિકાસ કર્યો. તેના સમયમાં રાજકીય, સામાજિક, આર્થિક, દૃષ્ટિએ વિજયનગરની સ્થિતિ સારી હતી. આ સમયે આવેલ પોર્ટુગીઝ મુસાફિર ડોમિંગો પાએઝ આ રાજ્યની જાહોજલાલી જોઈને મંત્રમુગ્ધ થઈ ગયો હતો.

કૃષ્ણદેવરાયના વારસદારો નબળા પડતાં, બીજાપુર, ગોલકોંડા અને અહમદનગરનાં ત્રણેય બહમની રાજ્યોએ વિજયનગર પર સંયુક્ત હુમલો કરી રાજ્યને ખેદાનમેદાન કરી નાંખ્યું. તેમાંથી વિજયનગર ફરી ક્યારેય પાછું બેઠું થઈ શક્યું નહીં. અંતે (17મી સદીમાં) તે સંપૂર્ણપણે છિન્ન-ભિન્ન થઈ ગયું. તેનાં ખંડેરો ઉપર શ્રીરંગપટ્ટમ્ તથા વેડનૂરના સરદારો અને મદુરા તેમજ તાંજોરના નાયકોએ પોતાનાં નાનકડાં સ્વતંત્ર રાજ્યો સ્થાપ્યાં. આમ, વિજયનગર રાજ્યોએ ત્રણસો વર્ષ સુધી દક્ષિણમાં સનાતનધર્મ અને સંસ્કૃતિને જાળવી રાખી.

### વિજયનગરની સિદ્ધિઓ

#### શાસનવ્યવસ્થા

વિજયનગર સામ્રાજ્યની વહીવટી વ્યવસ્થામાં રાજા સર્વોચ્ચ વડો ગણાતો. રાજ્યની મુલકી, લશ્કરી, ન્યાયવિષયક વગેરે બાબતોમાં તે સર્વોપરી હતો. આ સમયે પ્રજામાં શાંતિ, સુખ અને સમૃદ્ધિ વધી હતી. પ્રજા પ્રત્યેની ફરજોની વિગત કૃષ્ણદેવરાયે પોતાના ગ્રંથ 'આમુક્તામાલ્યદા'માં આપી છે. તેના મંત્રીમંડળમાં ઓછામાં ઓછા આઠ મંત્રીઓ હતા. ઉપરાંત કોષાધ્યક્ષ, ઝવેરાત ખાતાનો ઉપરી, વ્યાપારી હિતોનો અમલદાર, મુખ્ય પોલીસવડો, અશ્વદળનો નિયામક વગેરે મુખ્ય હતા. તેની સભામાં ધર્મગુરુઓ, ઉમરાવો, સાહિત્યકારો, જ્યોતિષો, સંગીતકારો વગેરે પણ હતા.

વિજયનગરના પ્રાંતો, રાજ્ય, મંડળ કે ચાવડી જેવાં જુદાં-જુદાં નામોથી ઓળખાતા. વિજયનગર સામ્રાજ્ય લગભગ છ પ્રાંતોમાં વહેંચાયેલું હતું. પ્રાંતનો ઉપરી 'નાયક' કહેવાતો. તે વિશાળ મુલકી, લશ્કરી તથા ન્યાયકીય સત્તા ભોગવતો. ગામડું સ્થાનિક તંત્રનું એકમ હતું. તે સ્વાયત અને સ્વાવલંબી હતું. ગામનાં વહીવટ માટે ગ્રામસભા, હિસાબનીશ, ગ્રામરક્ષક, મજૂરો, અમલદારો વગેરે હતા. આ બધાનો વડો મહાનાયકાચાર્ય હતો અને તે સમગ્ર દેખરેખ રાખતો.

#### ન્યાયતંત્ર અને લશ્કરી-વ્યવસ્થા

રાજા સર્વોચ્ચ ન્યાયાધીશ હતો. તે અદાલતો અને ન્યાયાધીશની નિમણૂક કરતો. કાયદાનું સ્વરૂપ બ્રાહ્મણો કે ધર્મગુરુઓ નક્કી કરતા. ગુનેગારોને મૃત્યુ સુધીની સખત સજા કરાતી. લશ્કરી-વ્યવસ્થા માટે ખાસ લશ્કરીખાતુ (કંડાચાર) અને તેના વડા 'દંડનાયક' હતા. તેની સાથે અન્ય અધિકારીઓ પણ નીમવામાં આવતા.

### સામાજિક જીવન

#### વર્ણ વ્યવસ્થા અને જ્ઞાતિપ્રથા

વિજયનગરના હિંદુ રાજવીઓ જ્ઞાતિ કે વર્ણાશ્રમ ધર્મનું રક્ષણ કરવાની પોતાની ફરજ માનતા. આ સમયે સામ્રાજ્યમાં રાજા, સામંતો, નાયકો, બ્રાહ્મણો, સિપાઈઓ, વ્યવસાયલક્ષી જેવા વર્ગો જોવા મળતા.

અહીંની પ્રજા ખોરાકમાં ઘઉં, ચોખા, બાજરી, જુવાર, માછલી વગેરે લેતી. ગાય અને બળદનું માંસ નિષેધ કરતા. અહીં લોકો માંસાહારનો પણ ખોરાકમાં ઉપયોગ કરતા હતા. અંજીર, કેળાં, મોસંબી, દ્રાક્ષ, કેરી, નારંગી, દાડમ, ફણસ જેવાં ફળોનો પણ ઉપયોગ થતો.

વિજયનગરના લોકો મોટાભાગે સફેદ કપડાં પહેરતા. સ્ત્રીઓ શણગાર સજતી અને માથામાં ફૂલો નાંખી સુગંધિત દ્રવ્યોનો ઉપયોગ પણ કરતી. તેઓ નિલમ માણેક જેવાં કીમતી રત્નો પણ પહેરતી. પુરુષો કાનમાં 'કટુકન' પહેરતા.

આ સમયે બાળલગ્નો જોવા મળતાં. વિધવાવિવાહ કે છૂટાછેડાની પરવાનગી ન હતી. લોકો ભૂતપ્રેતમાં માનતા હતા. સતિપ્રથા કે બલિ આપવાની પ્રથા પણ હતી.

રાજ્ય તરફથી સંગીત-નૃત્યને પ્રોત્સાહન મળતું. ઉપરાંત કઠપૂતળીઓ, મદારીના ખેલ, મહાનવમીનો ઉત્સવ વગેરે દ્વારા મનોરંજન થતું. કુસ્તી, દ્વંદ્વયુદ્ધ, પટાબાજી, ભાલાબાજી, તલવાર, બાજ, શિકાર વગેરે પણ આનંદ-પ્રમોદમાં લોકો ભાગ લેતા. કૃષ્ણદેવરાય જાતે વીણાવાદનનો શોખીન અને સંગીતમાં નિષ્ણાત હતો.

## આર્થિક જીવન

### ખેતી અને સિંચાઈ

અહીંનો મુખ્ય વ્યવસાય ખેતી હતો. વિજયનગર ખેતીપ્રધાન પ્રદેશ હોવાથી ઘઉં, ડાંગર, બાજરી, જુવાર, ચોખા, ચણા, વાલ, શેરડી, તેલીબિયાં, કપાસ, આમળાં, તજ, ચંદન, જાયફળ, રાઇ, ઇલાયચી, શાકભાજી, ફળો વગેરેનું ઉત્પાદન થતું. સિંચાઈ માટે વિજયનગરમાં બંધ, કૂવા, તળાવો વગેરેનો ઉપયોગ થતો. સિંચાઈ કરવામાં છૂટછાટ આપવામાં આવતી.

### વ્યાપાર-વાણિજ્ય

આ સમયે જમીનમાર્ગે અને દરિયાઈમાર્ગે આંતરિક અને વિદેશી વ્યાપાર કરવામાં આવતો હતો. જેમાં જમીનમાર્ગે ઘોડા, ગધેડા, બળદગાડી, વણઝારા દ્વારા માલની હેરફેર થતી. વિજયનગરનો વ્યાપાર મલાયાદ્વીપકલ્પ, બર્મા, ચીન અરબસ્તાન, ઈરાન, દક્ષિણ આફ્રિકા, એબેસિનિયા, પોર્ટુગલ વગેરે દેશો સાથે થતો હતો, જેમાં અનાજ અને અન્ય કીમતી વસ્તુઓ તેજાના વગેરેની નિકાસ થતી. જ્યારે વિદેશમાંથી યુદ્ધ માટેના ઘોડાઓ, હાથી, તાંબુ, હીરા, પારો, મોતી, ચીની રેશમ, મલમલ વગેરેની આયાત થતી હતી. તે સમયે વણાટકામ, દરજીકામ, અત્તરોનું ઉત્પાદન, ધાતુકામ, ખોદકામ, હાથીદાંતની કામગીરી, તાડી, ખાંડ, મીઠું, હથિયાર, માછીમારી વગેરે જેવા વ્યવસાયો પણ જોવા મળતા.

### સાંસ્કૃતિક જીવન

વિજયનગરના શાસકો વૈષ્ણવ હોવા છતાં અન્ય ધર્મના લોકો પ્રત્યે સહિષ્ણુ હતા. આ રાજાઓએ હિંદુ ઉપરાંત, મુસ્લિમ, જૈન, બૌદ્ધ વગેરે ધર્મને પ્રોત્સાહન આપ્યુ છે. ધાર્મિક તહેવારોમાં રામનવમી, પૂનમ, એકાદશી, રથયાત્રા, દિવાળી, હોળી, જન્માષ્ટમી, શિવરાત્રી, મકરસંક્રાંતિ જેવા ઉત્સવો પણ ઊજવતા.


હમ્પી હજારાસ્વામી - વિજયનગર

વિજયનગરના રાજાઓ સાહિત્યના પોષક હતા. તેમણે તેલુગુ, કન્નડ, તમિલ, સંસ્કૃત વગેરે ભાષાઓના સાહિત્યને પ્રોત્સાહન આપ્યું. સંસ્કૃતમાં માધવાચાર્ય જેવા વિદ્વાનો થઈ ગયા. આ કૃતિઓમાં 'વ્યવહાર-માધવીય', 'આયુર્વેદનિદાન', 'અલંકાર સુધાનિધિ', 'સુભાષિત સુધાનિધિ', 'જ્ઞાનચિંતામણી', 'રસમંજરી' વગેરેનો સમાવેશ થાય છે. કૃષ્ણદેવરાયે 'આમુક્તમાલ્યદા' નામના ગ્રંથની રચના કરી હતી. રાજનાથ ડિંડમે તેલુગુમાં 'અચ્યુતરાયાભ્યુદયમ્' નામે કાવ્ય રચ્યું. તેલુગુ અને કન્નડમાં કવિ ચામરસ, બાહુબલિ, તિમન્નાકુમાર નારાયણ વ્યાસ, પુંદરહાસ જેવા કવિઓ થઈ ગયા. કન્નડમાં 'પ્રભુરસ લીલા' નામે તથા મહાભારતને લગતાં કાવ્યો અને સાહિત્ય રચાયું.



**વિજયનગરના સિક્કા**

વિજયનગર રાજ્યમાં સ્થાપત્યકલાને ક્ષેત્રે અનેક સિદ્ધિઓ મેળવી હતી. જેમાં વિરૂપાક્ષનું મંદિર હજારાસ્વામીનું મંદિર, અચ્યુતરાયનું મંદિર, વિદ્યાશંકરનું મંદિર વગેરે મહત્ત્વનાં છે. શિલ્પકલાને ક્ષેત્રે ચિન્નાદેવી, તિરૂમલ્લાદેવી અને વિદ્યારણ્યની મૂર્તિઓ ભવ્ય છે. આમ, વિજયનગર સામ્રાજ્ય સાંસ્કૃતિક અને કલાત્મક સિદ્ધિઓનું મૂલ્ય ધરાવતું, સમૃદ્ધિ અને સુખથી મહાલતા લોકોનું એક સમૃધ્ધ રાજ્ય હતું.

## બહ્મની સામ્રાજ્ય

દક્ષિણ ભારતમાં બધા જ મુસ્લિમ રાજ્યોમાં બહ્મની રાજ્ય સૌથી બળવાન રાજ્ય હતું. હસનગંગુ નામના બાહોશ સરદારે દક્ષિણમાં બહ્મની રાજ્યની સ્થાપના કરી. (ઈ.સ. 1347). આ રાજ્યમાં કુલ અઢાર સુલતાનો થયા, જેમણે 180 વર્ષ રાજ્ય કર્યું. તેનો વિસ્તાર ઉત્તરે વેણુગંગાથી માંડીને દક્ષિણે કૃષ્ણા નદી સુધી અને પશ્ચિમે કોંકણથી પૂર્વે ભોગીર (નિઝામ પ્રદેશ) સુધી વિસ્તર્યો. બહ્મની સુલ્તાનોએ ગુજરાત, માળવા, તેલંગણા, ઓરિસ્સા જેવા પાડોશી રાજ્યો સાથે યુધ્ધો કર્યાં. પોતાના વિસ્તારને વહીવટી સરળતા ખાતર રાજ્યના ચાર પ્રાંતો બનાવ્યા.

બહ્મની સામ્રાજ્યનો પહેલો સુલતાન અલ્લાઉદ્દીન બહમનશાહ હતો. તેણે ઘણી લડાઈઓ કરી. ત્યારબાદ બીજો સુલતાન મહંમદશાહ હતો. તેણે સ્થાયી લશ્કરની રચના અને પ્રાંતોના વહીવટને સુદ્રઢ બનાવ્યું. ત્યારબાદ અનુક્રમે મુજાહિદશાહ અને મહંમદશાહ બીજો ગાદીએ આવ્યા. સુલતાન તાજુદ્દીન ફિરોજશાહ શક્તિશાળી સુલતાન હતો. તેણે બે વખત વિજયનગરને હરાવ્યું. ત્યારબાદ, સુલતાન અહમદશાહ ગાદીએ આવ્યો. તેણે કોંકણને હરાવીને ઘણા નોંધપાત્ર વિજયો પ્રાપ્ત કર્યા.

તે વિદ્વાનોનો આશ્રયદાતા હતો. તેણે પોતાની રાજધાની ગુલબર્ગથી બીદર ખસેડી. પ્રખ્યાત કવિ શેખ 'આઝારી'ને તેણે આશરો આપ્યો. અહમદશાહ પછી સુલતાન અલ્લાઉદ્દીન બીજો ગાદીએ આવ્યો. તે પણ પોતાના પિતાની જેમ વિદ્વાનોનો આશ્રયદાતા હતો. એણે અનેક બાંધકામો કરાવ્યાં. જેમાં મસ્જિદો, જાહેર શાળાઓ, ખૈરાતી (ધર્માદા) અંગેની સ્થાપના કરી. તેણે દવાખાનાની સ્થાપના પણ કરી. તેણે રાજ્યમાં કડક દારૂબંધીનો અમલ કરાવ્યો.

સુલતાન મહંમદશાહ ત્રીજાએ શાસન કર્યું. મહેમુદ ગવાને તે રાજ્યનું સંચાલન કર્યું. તે વફાદાર અને બુદ્ધિશાળી વજીર હતો. તેણે બહ્મની રાજ્યની સેવા કરેલી તેથી તેને બિરદાવતા ડૉ. આર. સી. મજુમદાર લખે છે કે, પોતાની (ગવાનની) અસાધારણ શક્તિઓ દ્વારા નિષ્કલંકિત પ્રામાણિકતા બતાવીને ગવાને બહ્મની રાજ્યની સેવા કરેલી અને પોતાની ચાણ્યકનીતિ દ્વારા સફળ લશ્કરી હિલચાલ દ્વારા તેણે બહ્મની રાજ્યની સીમા વધારી. તેણે ગોવાબંદર કબ્જે કર્યું અને ઓરિસ્સા પર આક્રમણ કર્યું.

ત્યારબાદ દક્ષિણી ઉમરાવો વચ્ચે આંતરવિગ્રહ (ઈ.સ. 1527) થતાં બહ્મની સામ્રાજ્ય છિન્ન-ભિન્ન થઈ ગયું. તેમાંથી પાંચ મુસ્લિમ રાજ્યો ઉદ્દભવ્યાં. જેમાં બીજાપુર (આદિલશાહી વંશ), વરાડ (ઇમાદશાહી વંશ), અહેમદનગર (નિઝામશાહી વંશ) અને ગોલકોંડા મુખ્ય છે. બીદરમાં બરિદશાહી- વંશની સ્થાપના થઈ. આ બધાં રાજ્યોને જીતીને ઔરંગઝેબે મુઘલ સામ્રાજ્યનો એક ભાગ બનાવ્યાં.

## મલબાર અને પોર્ટુગીઝો (ફિરંગીઓ)નું આગમન

મધ્યયુગ દરમિયાન ભારતીય ચીજવસ્તુઓની માંગ યુરોપીય દેશોમાં સારા પ્રમાણમાં વધી. ભારત જમીન તથા દરિયાઈ માર્ગે, યુરોપીય દેશો સાથે મોટા પ્રમાણમાં વ્યાપાર કરતું. પરંતુ કૉન્સ્ટેન્ટિનોપલનું પતન થતાં, યુરોપીય દેશોનો ભારત સાથેનો વ્યાપારીમાર્ગ બંધ થઈ ગયો, તેથી નવો માર્ગ શોધવાની ફરજ પડી. તેમાં પોર્ટુગીઝો (ફિરંગીઓ)એ પહેલ

કરી. વાસ્કો-દ-ગામા નામનો પ્રખ્યાત ફિરંગી નાવિક કેપ-હોપ-ગુડ-હોપથી આગળ વધીને મોઝામ્બિક બંદરે પહોંચ્યો. ત્યાં તેને ભારતીય ખલાસી કાનજી માલમ અને અહમદ-ઈબ્ન-મજીદ મળી જતાં, તેની મદદથી હિન્દ મહાસાગર પાર કરી, (મે 1498) તે કાલીકટ બંદરે ઊતર્યો. આ સમયે કાલીકટ (મલબાર)માં સામુદ્રિક (ઝામોરીન) નામનો હિંદુ રાજા રાજ કરતો હતો. વાસ્કો-દ-ગામાએ આ રાજવી પાસે પોર્ટુગલ રાજાનાં ઓળખપત્રો રજૂ કરીને પોર્ટુગીઝોને વ્યાપારના હકો અપાવ્યા. આમ, ભારતમાં પ્રથમ યુરોપીય પ્રજાએ પ્રવેશ કર્યો. આગળ જતા ભારતમાં અંદરોઅંદરના ઝઘડાઓને કારણે ફિરંગીઓ દક્ષિણ ભારતની પુષ્કળ સમૃદ્ધિનો લાભ લઈને ભારતમાં સંસ્થાનો સ્થાપવાની મહેચ્છા જાગી. તે પૂર્વે  કાલીકટ, કોચીન અને કેન્નુરમાં વ્યાપારી મથકો (કોઠીઓ) સ્થાપ્યાં. એણે ગોવાને પોતાની રાજધાની બનાવી.

### અલ્મેડા - (આલફ્રાન્ઝો) (ઈ.સ. 1505 - 1509), અલ્બુકર્ક (ઈ.સ. 1509 - 1515)

વાસ્કો-દ-ગામાની વિદાય બાદ અલ્બુકર્કે બીજાપુરના શાસક પાસેથી ગોવા જીતી લીધું. એણે ગોવાને વેપારી મથક બનાવી, ગોવા (તથા કોચીનમાં) અને અન્ય સ્થળોમાં વેપારી કોઠીઓ સ્થાપી. આગળ જતાં ફિરંગીઓ મલબારના સર્વસત્તાધીશ  બન્યા.

ત્યારબાદ (ઈ.સ. 1525 થી 1536) પોર્ટુગીઝોએ વસઈ, દમણ, દીવમાં પોતાની સ્થિતિ મજબૂત કરી. તેઓ હુગલી કિનારે પોતાની વસાહત સ્થાયીને રહેવા લાગ્યા. સમ્રાટ અકબરે તેમને પરવાનગી આપી. આ પોર્ટુગીઝો ભારતમાં ઈ.સ. 1600 સુધી સર્વોપરી રહ્યા. અંગ્રેજો સાથે વ્યાપારી મુશ્કેલીઓ અને હિતસંઘર્ષ થતાં તેમણે કેટલાક પ્રદેશો ગુમાવ્યા. અંતે તેમની પાસે દીવ, દમણ અને ગોવા રહ્યા.

### ભારતીય વેપાર, વાણિજ્ય ઉપર પોર્ટુગીઝનો પ્રભાવ

પોર્ટુગીઝોએ કાળાં મરી, ગરમ મસાલા, શસ્ત્રો, દારૂખાનું, ઘોડાઓના વેપાર પર એકાધિકાર પ્રાપ્ત કર્યો. તેઓ પૂર્વમાં-આફ્રિકા જતાં વહાણોને ગોવા થઈને જ જવાનું દબાણ કરતા. પોર્ટુગીઝોના લીધે ભારત અને જાપાન વચ્ચે વેપાર શરૂ થયો.


વાસ્કો-દ-ગામા


ગોવાનો કિલ્લો

ભારતમાં તેમના આગમનથી સૌથી વિશેષ પ્રભાવ પડેલો. બટાટા, મકાઈ, તંબાકુ જેવી વસ્તુઓનો ભારતીય વેપાર-વાણિજ્યમાં પ્રવેશ થયો. તત્કાલીન ભારતમાં મલબાર વિસ્તારમાંથી આદું, દાળ, ખાંડ, ચંદન, હળદર, ગળી, કાળાં મરી, કોકમ વગેરેની નિકાસ કરવામાં આવતી. ગોળકોંડાથી મલમલનું કાપડ અને ચિત્તલ (એક પ્રકારનું વસ્ત્ર) વિદેશ મોકલવામાં આવતું. પોર્ટુગીઝો દ્વારા ફ્લેન્ડર્સ, ગુલાબજળ, મુંગા (લાલરંગનું રત્ન), તાંબું, પારો, સિંદુર, સિક્કા વગેરે આયાત કરવામાં આવતાં. પોર્ટુગીઝોના આગમનથી યુરોપની પ્રચલિત ગોથિક સ્થાપત્યકલાના નમૂનારૂપ ચર્ચો ભારતમાં મોટા પાયે બનવા લાગ્યાં.

### પોર્ટુગલશક્તિનો નાશ

મુઘલ સરદાર કાસીમે હુગલી તટેથી પોર્ટુગીઝોને ભગાડ્યા. બ્રિટિશ સમ્રાટ ચાર્લ્સ બીજાનાં લગ્ન પોર્ટુગીઝની રાજકુમારી સાથે થતાં દહેજમાં તેને મુંબઈનો ટાપુ મળ્યો, તે કંપનીસરકાર હસ્તક જતાં અંગ્રેજોને મુંબઈ ક્ષેત્ર મળ્યું. (ઈ.સ. 1739) જ્યારે મરાઠાઓએ સાલસેટ અને બસિન પર અધિકાર જમાવતાં, ધીરે-ધીરે પોર્ટુગીઝોનું અન્ય પ્રદેશો પરથી નિયંત્રણ ઘટતું ગયું.

આમ, ભારતમાં 7મી સદીથી 17મી સદી સુધી આ રાજ્યો નાનાં હોવા છતાં, મોટી મહાસત્તાઓ સાથે સંઘર્ષો કરી કે, મૈત્રાચારી બાંધીને પણ સ્વતંત્ર રીતે રહી શક્યા. આ રીતે તેમણે પોતાની સામાજિક, આર્થિક અને ધાર્મિક સ્થિતિને મજબૂત બનાવી. આ બધાં જ રાજ્યોમાં કલા-સ્થાપત્ય ક્ષેત્રે પ્રદાન નોંધાવીને ભારતનું સ્થાન વિશ્વનાં સાંસ્કૃતિક વારસામાં મૂકવામાં ભારે મદદ કરી છે.

## સ્વાધ્યાય

**1. નીચે આપેલા પ્રશ્નોના વિસ્તૃત ઉત્તર આપો :**

(1) રાણા સંગ્રામસિંહે કઈ-કઈ લડાઈમાં ભાગ લીધો હતો ?

(2) ચૌલ સામ્રાજ્યના શાસકો વિશે નોંધ લખો.

(3) બંગાળના પાલશાસકો વિશે નોંધ તૈયાર કરો.

(4) રાષ્ટ્રકૂટ રાજવીઓનું સાંસ્કૃતિક ક્ષેત્રે પ્રદાન જણાવો.

(5) વાસ્કો-દ-ગામાના ભારત આગમન પર નોંધ લખો.

**2. ટૂંકમાં જવાબ આપો :**

(1) મેવાડનો ગોહિલવંશ પાછળથી કયા નામે ઓળખાયો હતો ?

(2) ચિત્તોડનો વિજયસ્તંભ કોના પરાક્રમની સાક્ષી પૂરે છે ?

(3) કાશ્મીર રાજ્યના મુખ્ય વંશોની માહિતી આપો.

(4) રાષ્ટ્રકૂટ રાજવી કૃષ્ણ પ્રથમે ઈલોરામાં કયું મંદિર બંધાવ્યું ?

(5) ગુજરાતના સોલંકીકાલીન સ્થાપત્ય વિશે નોંધ લખો.

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ જણાવી ઉત્તર આપો :**

(1) ઓરિસ્સાના શાસકોને કયું બિરુદ આપવામાં આવ્યું ?

(A) ત્રિકલિંગાધિપતિ (B) મહારાજારાજ (C) ધર્મધુરંધર (D) મહારાજાધિરાજશ્રી

(2) જયદેવે નીચેનામાંથી કયા ગ્રંથની રચના કરી ?

(A) 'ગીતગોવિંદ' (B) 'રાજતરંગિણી' (C) 'આયને અકબરી' (D) 'તહકીકાતે હિન્દ'

(3) મણિપુરનું નૃત્ય કયા નામથી વિખ્યાત છે ?

(A) મણિપુરી (B) કથક (C) ભરતનાટ્યમ્ (D) કૂચિપૂડી

(4) ત્રિપુરાના લોકો મુખ્યત્વે કયાં દેવીની પૂજા કરે છે ?

(A) દુર્ગાપૂજા (B) કાલિકાપૂજા (C) ચંડીપૂજા (D) અંબેપૂજા

(5) નેપાળમાં શિવધર્મનું કયું સુપ્રસિદ્ધ મંદિર આવેલ છે ?

(A) પશુપતિનાથનું મંદિર (B) શૈલદેવનું મંદિર (C) ઓમકારેશ્વર મંદિર (D) સ્વયંભૂ મંદિર

•